
કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૪ ● ડિસેમ્બર ૨૦૧૫



## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દિવાળી ઉત્સવો...

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧




















૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાનપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા સભાને સંબોધતા છપૈયાના મહંત સ્વામી અને યજમાનોનું સન્માન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.

૨.શ્રી સ્વામિનારાયણ મંદિર ડડુસરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

૩. ડડુસર ગામે મુક્તરાજ ગલુજીના પ્રસાદીના સ્થાને ચરણાર્વિંદ સહિત છત્રીનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.

૪. કાળીગામ મંદિરમાં અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

૫. કાળીગામ મંદિરમાં સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૪

ડિસેમ્બર-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ઉનાવાના રળીયાત કુંવરબા | ૬ |
| ૦૪. | ચેષ્ટાના પદો દ્વારા દિવ્ય સુખની અનુભૂતિ | ૧૦ |
| ૦૫. | વજીબાના પ્રસાદીના ઘેર સ્મૃતિરૂપ હરિમંદિર | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૮. | પ્રશ્ન પેટી | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૯ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# આશીર્વાદ

જે, ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાનની માનસી પૂજા કરવા બેસે તથા ભગવાનનું ધ્યાન કરવા બેસે તે સમે એનો જીવ પ્રથમ જે જે ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને પંચવિષય થકી પરાભવ પામ્યો હોય અથવા કામ, ક્રોધ, લોભાદિકને યોગે કરીને પરાભવ પામ્યો હોય, તે સર્વેની એને સ્મૃતિ થઈ આવે છે. જેમ કોઈ શૂરવીર પુરુષ હોય ને સંગ્રામમાં જઈને ઘાએ આવ્યો હોય ને તે ઘાયલ થઈને પાછો ખાટલામાં આવીને સૂવે, પછી એને જ્યાં સુધી પાટો ગોઠે નહિ ત્યાં સુધી ઘાની વેદના ટળે નહિ ને નિંદ્રા પણ આવે નહિ અને જ્યારે પાટો ગોઠે ત્યારે ઘાની પીડા ટળી જાય ને નિંદ્રા પણ આવે, તેમ ભૂંડા દેશ, કાળ, સંગ, અને ક્રિયા, તેને યોગે કરીને જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે તે જ્યારે નવધા ભક્તિ માંહિલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય. એ જ એને પાટો ગોઠ્યો જાણવો અને એ જ એને ભજનસ્મરણનું અંગ દૃઢ જાણવું.

વ્હાલા ભક્તો આપણે ખાસ ધ્યાન રાખવું. ભૂંડા પંચ વિષયનો પાસ ન લાગે તે માટે મહારાજને પ્રાર્થના કરીને કહેવું જે હે મહારાજ અમારી ભૂંડા પંચ વિષય થકી રક્ષા કરજ્યો.

૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો પ્રારંભ થશે. અમદાવાદ શહેરમાં વસતા હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને ધર્મકુળની નિશ્રામાં પ્રાતઃકાળે થતી મહામંત્ર ધૂનમાં લાભ લેવાનું ચૂકતા નહીં.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૧૫)

૧ દુમાલી ગામે પધરામણી

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ સમૂહ શારદા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૧૨ નૂતન વર્ષ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી અને અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૩ પડુસ્મા ગામે કથા પ્રસંગે પધરામણી

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પધરામણી.

૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી.



શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર નૂતન મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા પાટોત્સવ પ્રસંગે.

૧૮થી૨૩ પર્થ (ઓસ્ટ્રેલીયા) પધરામણી

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ બિલોદરા ગામે કથા પ્રસંગે પધરામણી.

૨૬ ડડુસર (મુક્તરાજ ગલુજીનું) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮ થી ૩૦ પ્રયાગરાજ (અલ્હાબાદ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

**શ્રી સ્વામિનારાયણ**

# ઉનાવાના રળીયાત કુંવરબા



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સ્વામિનારાયણ ભગવાનના સમયમાં ઉનાવા એક એવું પ્રેમાળ ગામ ગણાતું કે તે ગામના પ્રેમાળ લોકોનો પ્રેમ અને મમત્વ જોઈને ખુદ મહારાજ પણ ગળગળા થઈ જતા. જ્યારે જ્યારે મહારાજ પધારવાના હોય ત્યારે ત્યારે ગામના રાવળવાસના તમામ રાવળો પોતપોતાના ઢોલ ત્રાંસા અને નગારાં લઈને, શરણાઈઓ અને તીતુડીયો લઈને, તમામ દરજીભાઈઓ ધજા અને પતાકાઓ લઈને, તમામ નાયી ભાઈઓ જલતી મશાલો લઈને નીકળી પડતા, તમામ દરબારો નમેલી વાડો સોંતી કાઢીને આખે રસ્તે ગુલાબજળ છાંટી નાખતા. અને ગામના મુખી રામદાસ બાપા તેમના કુળગુરૂ લાલશંકર મહેતા અને તેમના જેવા પચાસેક આગેવાન ભક્તોને લઈને ખુલ્લે પગે મહારાજનું સામૈયું કરવા નીકળી પડતા. ત્યારે આખું ગામ પણ ખુલ્લે પગે રામદાસ બાપાને પગલે પગલે પાછળ પાછળ નીકળી પડતું. ગામમાં એક છોકરું સરખુંયે ઘેર રહેતું નહિ. સુવાવડી બાઈઓ પણ તેમના ધાવણાં બાળકોને લઈને મહારાજના દર્શન કરવા દોડી આવતી.

એક વખત એવું બન્યું કે મહારાજ પધારે છે તે સંદેશો ઉનાવે મોડો પહોંચ્યો તેથી મહારાજ સાદરાથી નીકળી સીધા જ રામદાસબાપાના ખેતર સુધી આવી પહોંચ્યા. હાલમાં જ્યાં કોઠારીનો તેલનો કૂવો છે ત્યાં રામદાસબાપા ફુલ વીણતા હતા. મહારાજને ઓચિંતા જોઈને અચંબામાં પડી ગયા. ‘‘ઓ મારા વ્હાલા મહારાજ... આમ ઓચિંતા પ્રગટ થવાય ???! તમારા આ સેવકને તમારૂં સામૈયું કરવાનો તો મોકો આપવો તો?’’ પરંતુ રામદાસ બાપા મહારાજને સામૈયું કર્યા વગર છોડે તેવા નહોતા. તેમણે તૂર્ત જ ઉપર વાડેથી ‘બુમચીચીયાનો’ સંદેશો કહેવડાવી દીધો. ‘બૂમ ચીચીયાનો સંદેશો’ એટલે બાજુના ખેતરમાં કામ કરતા ખેડૂતને બૂમ પાડીને સંદેશો કહેવાનો. તે સંદેશો બાજુવાળો આગલા ખેતરવાળાને બૂમ મારીને કહે... તે એના આગળના ખેતરવાળાને કહે તેમ કર્ણપકર્ણથી સંદેશા પહોંચે !!! આવો વિજળીવેગો સંદેશો ઉનાવે તો પહોંચ્યો પહોંચ્યો પરંતુ વાયરલ થઈને પડઘાતો પડઘાતો બાલવા વળોટીને છેક આમજા, ચાંદીસણા અને પ્રતાપપુરા સુધી પહોંચી ગયો. પછી તો પૂછવું જ શું ??? પાંચેય ગામોના દર્શન ઘેલા ભક્તોને સુધબુધ ના રહી. તેઓ નેળીયાં અને છીંડા છોડી વાડો અને કાંટાઓમાં પડી પડીને હાંફતા રામાબાપાના ‘ધનાહરા ખેતરે’ આવી પહોંચ્યા. લોકોના પગનાં તળીયાં કાંટાઓથી વિંધાઈ ગયાં હતા. અને ઢીંચણો પડાપડીમાં છોલાઈ ગયા હતા. લોહી નિતરતી વેદના મહારાજના દર્શન સુખમાં સમાઈ ગઈ !!! મુખીનું ધનાહરૂ ખેતર તો પ્રેમીભક્તોના લોહીધાબે રંગાણું રંગાણું પણ જોડે જોડે ગોરનું ‘ઉંટવારીયું’, કરસનદાસનું ‘વિરોની મકરોડ વાળું’ અને માલાણીયા મેમદમીયાંનું ‘માલણીયું’ ખેતર પણ લોહી લોહી થઈ ગયું. મહારાજ આટલો બધો પ્રેમ જોઈને ગળગળા થતાં રીતસર રડી જ પડ્યા ! ‘‘હે ભક્તો, મારા પ્રત્યે જે મમતા ભર્યો આટલો બધો પ્રેમ છે તેને મુલવવા માટે મારી પાસે આજે શબ્દો નથી. તમો એ તો ગોપીઓના પ્રેમને... રાજા જનકના વિદેહીપણાને અને મારા જોગી ગોપાળાનંદના અષ્ટાંગયોગને પણ પાછો પાડી દીધો છે. તમારા આટલા બધા પ્રેમનો બદલો વાળવા મારી પાસે જે કાંઈ છે તે આપું તોયે ઓછું પડે તેમ છે. તેથી તમોને શું આપું ?!! પરંતુ જાઓ હું એટલું વચન આપું છું કે ‘અહીં ઉનાવા, બાલવા, આમજા, ચાંદીસણા અને પ્રતાપપુરા વિગેરે ગામોમાંથી જે જે મારા ભક્તો ઘાયલ થઈ થઈને આવ્યા છે તેઓને અંતકાળે હું સ્વયં તેડવા આવીશ. અને મારા અનંતમુક્તોની સાથેને સાથે જ રાખી અનંત કાળપર્યંત મારી મૂર્તિના દર્શનનું સુખ આપતો રહીશ.’’

તે વખતે મહારાજની સાથે સદ્.ગુ. ગોપાળાનંદ સ્વામી પણ હતા. તેઓ અચરજ પામીને મહારાજને પૂછવા લાગ્યા કે ‘‘હે મહારાજ, આ પાંચેય ગામના ઘાયલ ભક્તોને પ્રભુ દર્શનની તન્મયતામાં વેદના ભૂલીને દેહાતિત સ્થિતિ પ્રાપ્ત થાય તેવું અષ્ટાવક્રિયગીતા જ્ઞાન કરતાં પણ ગહન એવું ‘બ્રહ્મસ્થિતિ’નું જ્ઞાન કોણે આપ્યું હશે ???’’ ત્યારે મરક મરક હસતાં માત્ર એટલું જ બોલ્યા હતા ‘‘મારાં માસીએ !’’

મહારાજ ‘રળીયાતબા’ ને ‘માસી’ કહેતા. કારણ કે

તેઓ મહારાજના 'મા' જેતલપુરવાળાં ગંગાબાનાં સગાં બહેન થાય. વિક્રમ સંવત ૧૮૧૨ ના ભાદરવા સુદી નોમ 'રળીયાતી નવમી' ને શુક્રવાર તા. ૩-૯-૧૭૫૬ ના પવિત્ર દિવસે વાણીયાવેડાનાં વેદપાઠી બ્રાહ્મણની દીકરી એવાં પ્રેમકુંવરબાની કૂખે તેમનો જન્મ થયો હતો. ગુરૂ રામાનંદ સ્વામીના અત્યંત અંગત ગૃહસ્થ ભક્ત અને ઉત્તરગુજરાતના રાજવીઓમાં જેમનું ખૂબજ માન હતું તેવા નારદીપુરના ભુદરજી મહેતાનાં તેઓ લાડલી દીકરી હતાં. નારદીપુરમાં 'લંબેનારાયણનો' આશ્રમ છે ત્યાં પૂર્વે નાગરોની સંસ્કૃતપાઠ શાળા હતી તેમાં ચાર વર્ષના અભ્યાસક્રમને અંતે 'કોવિદકન્યા' નું અને મમ્મટના કાવ્યશાસ્ત્ર માં 'રસનિર્ઝરણી'નું તેઓએ વિશેષ બિરુદ મેળવ્યું હતું. પોતાના પિતાના ગુરૂ રામાનંદ સ્વામીની સાથે અવાર-નવાર ઉનાવાથી આવતા બેચરરાવલે કાશીના 'પ્રકાંડ'ની અને ''મહામહોપાધ્યાયની'' ની ડીગ્રી મેળવી હતી. વળી તેઓ તે જમાનાના ખૂબજ વિદ્વાન કહેવાતા હતા. તેથી રળીયાતબાને તેઓ ખૂબજ પસંદ હતા !!! પિતાજીની મરજી ઓછી હતી છતાં રામાનંદ સ્વામી દ્વારા દબાણ કરાવીને પોતાનાથી પચીસ વર્ષ મોટા એવા 'બીજવર' બેચર રાવલની સાથે સંવત ૧૯૨૯ ની અખાત્રીજના શુભ મુહૂર્તમાં તેઓનાં લગ્ન થયાં હતાં.

તેઓનાં લગ્ન ઉનાવાની બ્રહ્મપુરી નામના ઉજ્જડ મહોલ્લામાં થયાં હતાં. આજથી બે હજાર બોતેર વર્ષ પૂર્વે રાજા વીર વિક્રમે ૩૬૫ નગરીઓ બંધાવીને નાગરોને અર્પણ કરી હતી. બદલામાં નાગરો પોતાની 'કલમ-કડછી (શ્રુચિ-સરવો) - અને બરછી' દ્વારા રાજાના સાર્વભૌમત્વનું રક્ષણ અને રાજ્યનો વહીવટ કરતા. અને પ્રત્યુપકાર તરીકે રાજાની કુશળતા માટે છેલ્લા નોરતાના દિવસે આધ્યશક્તિનો શુધ્ધ અને પવિત્ર અહિંસામય યજ્ઞ કરતા.

રળીયાતબાના સાસરીયાનું રાવલકુટુંબ એ બ્રહ્મપુરીનું 'બ્રાહ્મણ મુખીયા'નું કુટુંબ તથા 'વડા કુળગુરૂ'નું કુટુંબ હોવાથી 'ગ્રામયજ્ઞ' કરવાની તમામ જવાબદારીઓ તેમના સાસરીયાંની રહેતી. તેમના વડસસરા અનંતરામ મહેતા હિમાચલ પ્રદેશના 'કાગડા ધામે' વિદ્યા શીખવા ગયેલા. પાછા વળતાં ત્યાંની જગવિખ્યાત 'જવાલા મુખી' માતાનો જીવંત અગ્નિ લાવેલા અને તે અગ્નિ રાજાવીર વિક્રમના રક્ષણ અને ભલા માટે બ્રહ્મપુરીના નાગરો જ્યાં 'રાત્રી આહુતિઓ' આપતા 'તે હવનકુંડમાં' પધરાવી દીધો. આદ્યશક્તિ 'જવાલા'ની શક્તિ ઓર વધી ગઈ. ગામ કે પરગામનું જે કોઈ 'ઘી' ચડાવવાની માનતા રાખે તેનાં તમામ કામ થઈ જવા માંડ્યા. સો સો ગાઉ સુધી માતાની ખ્યાતિ પ્રસરી ગઈ. તેથી બારેય માસ સુધી દરરોજ યજ્ઞ થવા લાગ્યો. જગવિખ્યાત બનેલો વીરવિક્રમનો અહિંસામય યજ્ઞ ધીમે ધીમે હિંસામય બની ગયો તેની કોઈને ખબરેય ન પડી. મધરાત પછી દૂરદૂરથી રસાલા સાથે આવેલા રાજવીઓ તેમાં 'પશુબલી' ચડાવી જતા. હદ તો ત્યારે થઈ કે જ્યારે રાજસ્થાન તરફથી એક રાજવી તેના લશ્કર સાથે આવતો અને પોતાના ગમે તે એક જુવાન કેદીનો શિરચ્છેદ કરી તેને યજ્ઞકુંડમાં હોમી દેતો. સ્થાનિક રાજવીઓને આ ગમતું નહોતું પણ શું કરે તેમની પાસે લશ્કર નહોતું !!! સાદરાના પોલિટિકલ એજન્ટને માથે ગર્વનરનો હુકમ હતો કે કોઈ ધાર્મિક ઝઘડામાં બ્રિટિશ સૈન્યનો કદી ઉપયોગ ન કરવો. પ્રજા લાચાર હતી. પણ રળીયાતબા લાચાર નહોતાં !! તેઓ પિતાજી પાસેથી 'રાજકારણ' પણ શીખ્યાં હતાં. ''ભણેલી નાગરાણી નગર તારે'' એ ન્યાયે તેમણે તેમની 'વેગ'ની જોરદાર 'સોગઠ'' મારી. પીંપળજ ના ઠાકોર સાહેબ રૂપાલ, નારદીપુર અને વાણીયાવેડાના રાજવી હતા. તેમના વહીવટદારની દીકરી એટલે 'પ્રેમકુંવરબા'. (રળીયાતબા, ગંગાબા અને કશળીબાનાં માતુશ્રી). પ્રેમકુંવરબાનું કન્યાદાન પીંપળજના ઠાકોર સાહેબે દીધેલું. એટલે રળીયાતબા તેમને 'મામા' કહેતા. એક દિવસ બેચર રાવલ અને રળીયાતબા પીંપળજ ઠાકોર સાહેબને મળવા દરબારગઢમાં પહોંચી ગયા. જમવાનો સમય થયો. ત્રણ થાળીઓ પીરસાઈ ગઈ. ત્યારે ભાણીબા રળીયાતબાએ રસોઈયા બ્રાહ્મણની પાસે ચપટી ધૂળ મંગાવી અને પોતાની થાળીમાં એક ખૂણે નાની ઢગલી કરી. રાજવીએ આશ્ચર્યથી પૂછ્યું ''ભાણીબા, આમ કેમ ? ધૂળ ખાવાની છે કે શું ???'' રળીયાતબાએ શબ્દબાણ માર્યું ''હા મામા, જે ભાણીનો મામો વીસ વીસ પાદરનો ધણી હોય તેનીજ ભાણીના પાદરે આવીને પરદેશી રાજવી જોહુકમી કરી માનવીનાં લોહી છાંટણાં કરી તેના યજ્ઞને અભડાવી જતો હોય... તે ભાણીને ધૂળજ ખાવી પડેને...?' ભાણીએ રોતાં રોતાં આખી વાત સમજાવી. મામાએ થાળી આધી ઠેલી હાથ ધોઈ ઘોડાં પલાણ્યાં અને પહોંચી ગયા વડોદરે ફોઈબા રાજબાના મહોલે. રાજબા પિંપળજ ઠાકોર સાહેબનાં સગાં બહેન થાય. અને વડોદરા સ્ટેટના રાજવી દામાજીરાવ ગાયકવાડ (બીજા)નાં સૌથી નાનાં રાણી થાય. મોસાળ ઈન્દૌરમાં

રહી અંગ્રેજી ભણેલાં હતાં તેથી અંગ્રેજ સરકારની સાથેના મુત્સદીભર્યા નિર્ણયો અને હુકમોમાં દામાજીરાવ ગાયકવાડ તેમનો અભિપ્રાય લેતા. રાજબાની ભલામણથી ગવર્નરે હુકમ કર્યો અને છેલ્લે નોરતે રાજસ્થાનથી નરબલી ચઢાવવા આવેલા રાજવીને સાદરાના પોલિટિકલ એજન્ટના લશ્કરે કેદ કર્યો અને તેની સાથે આવેલા સૈનિકોના શસ્ત્રો પડાવી લઈ તગેડી મુક્યા અને ઉનાવા ગામે અઠ્ઠાવીસ ગામના રાજવીઓને અંકુશમાં રાખવાનું કાયમી થાણું સ્થપાઈ ગયું. અને ઉનાવા ગામે રળીયાત ગોરાણીનાં માતાજીનો રાત્રી યજ્ઞ અહિંસક રીતે સંપન્ન થાય પછી જ રૂપાલની પલ્લી શરૂ કરવી એવો અંગ્રેજ સરકારે 'કાયમી આદેશાત્મક'' હુકમ સ્થાપી દીધો. જે આજે પણ અમલમાં છે !!!

રળીયાતબાએ આવું જ એક બીજું મહાન કાર્ય કર્યું હતું. ખેડૂત સ્ત્રીઓની સીમચોરી બાબતે જડતી ઉપર કાયમી રોક લગાવવાના કાયમી હુકમનું ઉનાવા ગામે (ગુપ્તે) મહારાષ્ટ્રથી કેટલાક જમીનદારોને લાવીને ગાયકવાડ સરકારે વસાવેલા. અને મોટી જમીનો આપેલી. ગામના કેટલાક ગરીબ ખેડૂતો તે જમીનદારોની જમીન ચોથા ભાગે રાખતા. ત્રણ હિસ્સાનો ભાગ તેઓને લેવાનો તેમાં ચોરી ન થાય તે માટે તે લોકોએ મુસ્લીમ ચોકીદારોને રાખ્યા હતા. ખેતરનો ચારો ઘેર લઈ જવો હોય તો લાઈનસર ખોડીબારામાંથી પસાર થવું પડતું. અને જો ઘાસના પોટલામાંથી કણસલું નીકળે તો બાજુના કૂવામાં તેને ઉંધે માથે એક કલાક લબડાવી રાખતા. રળીયાતબાએ પીંપળજનાં રાજબાની લાગવગથી આ કાયદો પણ બંધ કરાવ્યો હતો. અને ઉનાવાની કોઈપણ વહુ દીકરીને મુસ્લીમ સૈનિક રંજાડતો નહિ.

રળીયાતબાએ ગ્રામસેવાનું ત્રીજુ મહાન કાર્ય કર્યું હતું. ઉનાવા ગામે ઘસાઈને પુરાઈ ગયેલી પાંચ હજાર વર્ષ જુની 'ગંગાજળી' વાવનો પુનરોધ્ધાર કરવાનું રાજબાના કહેવાથી તેમના પતિ દામાજી ગાયકવાડે પુતકર્મ શરૂ તો કરાવ્યું પરંતુ ગ્રામજનોએ વાવમાંથી ચોરી લીધેલી મોટી મોટી પથ્થરની સાટો અને થાંભલા પરત ન આપતાં ગાયકવાડ સરકારે તે કાર્ય અધુરૂ છોડી દીધું અને કાળક્રમે તે જગાએ નાનકડું તળાવડું સર્જાઈ ગયું. તે તળાવડાને આજે પણ લોકો 'રળીયાતીવાવ' કે 'ડમો (દામાજી) વાવ' તરીકે ઓળખે છે.

રળીયાતબાએ ગ્રામસેવાનું ચોથું મહાન કાર્ય ગામમાં હરિજન ભાઈઓ ન હોતા તેમને પેથાપુરથી માનભેર તેડાવીને ગામની વચ્ચોવચ્ચ વસાવ્યા. ઉનાવામાં પહેલાં કુતરૂ મરી જાય તો તે ઘરવાળો રાત્રે અંધારામાં જઈને ગમે તે ઉકરડામાં નાખી આવતો. રળીયાતબાએ રાજબાની લાગવગથી દામાજી ગાયકવાડ દ્વારા ગામ વચ્ચે રહેવાની તથા ખેડવાની જમીનો આપી અને ગામ વચ્ચે ઉંચે ટેકરે એક કૂવી બનાવી આપી. અને ગ્રામયજ્ઞના શુભારંભમાં વધેરાતા શ્રીફળમાંથી ચોથો ભાગ આપીને માન આપવાનો રિવાજ પાડ્યો.

રળીયાતબાએ ધર્મ સેવાનું પાંચમું મહાન કાર્ય શિવાલયમાં કૃષ્ણને પધરાવ્યા. ઉનાવા ગામે ગાયકવાડના ચંપકેશ્વર મહાદેવ હતા તેને અડીને દામાજીરાવ ગાયકવાડના શુભ હસ્તે રળીયાતબાના માર્ગ દર્શન હેઠળ 'રાધાકૃષ્ણ'ની મૂર્તિ વિસનગરના કેશવલાલ જહાના ખર્ચે પધરાવી. અને આજ પરિસરમાં 'જય ભોલે મંડળ' અને 'યમુનાવિહારી મંડળ' સ્થપાવીને તેમના વચ્ચે 'ભજન હરિફાઈ' યોજાવીને પોતે નિર્ણાયક બની ઈનામ વહેંચી હરિહરના ઐકયનાં સ્વરચિત ભજનો ગાતાં. તેમણે રામજી મંદિરનું સરયુ વિહારી મંડળ અને ઉધ્ધવ સંપ્રદાયનું 'ઓધા મંડળ' સ્થાપ્યું હતું.

રળીયાતબાએ ધર્મસેવાનું છઠ્ઠ મહાન કાર્ય કર્યું. આ પંથકમાંથી અંધશ્રધ્ધાને દૂર કરવાનું. આ પંથકમાં 'કામરૂદેશની મેલી વિદ્યા'ના નામે ઘણા ઢોંગી બાવાઓ આવતા અને નાણાં ખંચેરી પલાયન થઈ જતા. પોતે જે ઘરમાં રહેતા તેને અડીને બ્રહ્મપુરીનાં બસો ઘર ધરતીકંપમાં ધરાશાયી થયેલાં અને એક હજાર નાગરજનો કમોતે ગુજરી ગયેલા. તે સર્વે અવગતે ગયા છે અને લોકોને વળગે છે તેવી તથા ગામને હેરાન કરે છે તેવી ખોટી અંધશ્રધ્ધાનું નિરાકરણ કરવા પોતાના દૂરના ભાયાત ભાઈશંકરને ગોમતીપુરથી તેડાવ્યો અને તેના દીકરા 'જીવારાવલ'ને કામરૂ દેશની વિશ્વવિખ્યાત દશમહાવિદ્યા શીખવા ગાયકવાડના ખર્ચે મોકલાવી આપેલો. સાથે તેનું રક્ષણ કરવા માટે પોતાના યજમાન કરસનદાસ અને મનોહર બારોટને પણ મોકલાવી આપ્યા. તેઓ ત્યાં ઉમાનંદો ભૈરવના પૂજારી પિબેકને ગુરુ બનાવીને વિદ્યા શિખતા હતા. પ્રભુએ તે વખતે ઉનાવાના આ ત્રણે મુક્તોને ઓળખીને પોતાનો સ્વપરિચય આપીને કહ્યું હતું કે ''હે પવિત્ર કુળના બાળુડાઓ તમો આ પિબેક રાક્ષસને છોડી તમારે ઘેર જતા રહો. હું જરૂર તમોને મળવા આવીશ.'' પિબેકના સં. ૧૮૫૩ ની કાર્તિકી પૂનમે થયેલા પરાજય બાદ ત્રણેય જણ ઉનાવે પરત આવી મહારાજની વાટ જોતા હતા. દરમિયાન જીવા રાવલ અને મનોર બારોટનું અમદાવાદ

ખાતે કમોત થયેલું. અને કરસનદાસ ગોરાણીમા રળીયાત બાને અનાદિમુક્ત જાણી ગુરૂ રામાનંદની આજ્ઞાથી દીકરાની જેમ સેવા કરતા હતા.

રળિયાતબાએ ધર્મસેવાનું સાતમું સૌથી મોટુ કામ કર્યું હતું. 'મહારાજને કાયમ ઉનાવે રહેવા પરવશ કરવાનું અને કદીયે પાછા નહિ જવાનું'' અમર વરદાન મેળવી લેવાનું. થોડા સમય બાદ ઉનાવામાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. પોતાના અગીયારે અગીયાર દિયર જેઠનું કુટુંબ પોતાનો એકનો એક દીકરો રત્નો, અને પોતાના ભરથારને આ રોગ ભરખી ગયો. રામાનંદ સ્વામીને વાવડ મળતાં તેઓ દિલાસો આપવા આવ્યા ત્યારે દીકરી રળીયાતે ગુરૂ રામાનંદ સ્વામી આગળ બળાપો ઠાલવ્યો કે ''ગુરૂજી ભગવાનની ભક્તિ કરે તેની આવી... નરસિંહ મહેતા જેવી જ દશા થાય.'' ગુરૂ કહે 'હે દીકરી તુ ભક્તિ માયા મેળવવા કરતી હતી કે ભગવાન મેળવવા ???'' દીકરી કહે ભગવાન મેળવવા.'' - ગુરૂ કહે તો જા તું તારી ભજન ભક્તિ કરવા દૃઢ મતી કરી લે. તું તારા કાના માટે પંજરી ખાંડતી હોઈશ તે જ વખતે કાનો આવીને તારૂ સાંબેલું પકડી લેશે. અને પછી તને મુકીને ક્યાંય નહિ જાય.'' અને થયું પણ તેવું જ! સં. ૧૭૬૨ ની શિવરાત્રીએ સિધ્ધપુરમાં ચોરાસી કરીને મહારાજ ફાલ્ગુનીનો ઉત્સવ કરવા જેતલપુર જતા હતા. મહારાજને રસ્તામાં ઉનાવા ગામ યાદ આવતાં અમાસના રોજ મહારાજને કામરૂદેશમાં પિબેકની સાથે જોયા હતા તે ત્રણ યુવાનો યાદ આવ્યા. મહારાજ પૂછતા પૂછતા જીવા રાવલને ઘેર પહોંચી ગયા. પણ ઘર બંધ હતું તેથી બાજુમાં સાખો સાખ આવેલા ગોરના ખુલ્લાં માઢમાં ગયા. તો રળીયાત ગોરાણી હાલ જ્યાં મંદિર છે ત્યાં ઉંધુ ઘાલીને ખાંડતાં હતાં. મહારાજે ઉપરથી સાંબેલું પકડી લીધું. રળીયાતબાએ ઉંચુ જોયું તો 'મહારાજ કાના સ્વરૂપે !!!'' મહારાજે કહ્યું ''માજી આ જગા અને તમને છોડી હું ક્યાંય નહિ જાઉં.'' અને થયું છે પણ તેવું જ !

સંવત ૧૯૧૨ ની યમદ્વિતિયાએ યમના સ્નાન કરતાં કરતાં ૧૦૦ વર્ષની ઉંમરે તેઓનો અક્ષરવાસ થયો હતો.

જેવા જેતલપુરના ગંગામા તેવા જ તેમના બહેન ઉનાવાના રળીયાતબા અને ત્રીજા મહેસાણાના કળશકુંબરવા. શ્રીહરિએ ઉનાવામાં અનંત લીલાઓ કરી તેમાં રળીયાતબાની સેવા અદ્વિતીય રહી. શ્રીજી મહારાજની પ્રસાદીનું સાંબેલું આજે પણ ઉનાવામાં તેમના વંશજ ડૉ. અશોકભાઈ મહેતાના ઘેર પૂજાય છે. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણી પ્રકરણ-૧૧૯ માં લખે છે.

**'દ્વિજરુપ રળિયાત નામ, ઠાર હરખો ઉનાવે ગામ,**
**કણબી ભક્ત રામદાસભાઈ, કુબેર વસન નાની બાઈ.**

# ધનુર્માસનો વિશેષ સત્સંગ

## તા. ૧૬-૧૨-૨૦૧૫ થી તા. ૧૪-૧-૨૦૧૬

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂનનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

- મહંત સ્વામી

# ચેષ્ટાના પદો દ્વારા દિવ્ય સુખની અનુભૂતિ



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રીહરિની સહજ સ્વાભાવિક ચેષ્ટાનું દર્શન, સમકાલીન નંદ સંતો નિત્ય કરતા હશે ત્યારે તેઓને જે દિવ્ય સુખની અનુભૂતિ થતી હશે તેનું વર્ણન હાલમાં આપણી કલમથી થઈ શકે નહીં. જ્યારે બહુ સુખ આવે ત્યારે કવિ નંદસંતોના મુખેથી કીર્તન કે શ્રીહરિની ચેષ્ટાના પદો સરી આવે જેને સાંભળીને સ્વયં શ્રીહરિ રાજી થઈ જતા. કારણ કે આ પદોમાં સંતોનો શ્રીહરિ પ્રત્યે અગાધ સ્નેહ વ્યક્ત થતો હોય છે.

આજે પણ જે ભક્તોને શ્રીહરિ પ્રત્યે અગાધ સ્નેહ છે તેવા ભક્તજનો નિત્ય નિયમ પૂર્વક શ્રીહરિની ચેષ્ટાના પદોનું ગાન કરીને પછી જ શ્રીહરિને પોઢાડે છે. મંદિરે જે ભક્તો નિયમ કરે છે તે ઉત્તમ પરંતુ સાંજના મંદિરે સમય અનુકૂળતા ન હોય તેવા ભક્તો પોતાના ઘેર સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ ઘરના સભ્યો ભેગા બેસીને નિયમ અને ચેષ્ટાના પદો બોલે તો પણ પોતે શ્રીહરિને રાજી કરીને દિવ્યાનંદ માણી શકે છે.

કેટલાક ભક્તજનો ફક્ત નિયમ પુરો કરવાના હેતુથી ખૂબ જ ઝડપથી યંત્રવત ચેષ્ટાના પદો બોલતા હોય છે. જેનાથી ન પોતાને સંપૂર્ણ સુખ આવે કે ન મહારાજ સંપૂર્ણ રાજી થાય! તેથી જ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોઈક વાર સભામાં કહેતા હોય છે કે ચેષ્ટાના પદો મૂર્તિ સંભારીને શબ્દોના અર્થાનુસંધાન પૂર્વક ધીમે ધીમે બોલીએ તો દિવ્ય સુખનો અનુભવ થાય!

પ્રથમ ૧૦ પદમાં પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિની નિત્ય સ્વાભાવિક સહજ લીલા પ્રકૃતિનું એટલું અદ્‌ભુત વર્ણન કર્યું છે કે એ સમયે સંતો હરિભક્તો શ્રીહરિની લીલા નિહાળીને જેટલા રાજી થતા હશે તેટલું જ સુખ આજે પણ તે પદો ગાવા-સાંભળવાથી મળે છે 'ઓરા આવો શ્યામ સ્નેહી' પદનું ગાન કરવાથી શ્રીહરિના ચરણોમાં રહેલા ૧૬ ચિન્હો ગાનાર - સાંભળનારની દ્રષ્ટિ સમક્ષ તાદૃશ્ય થાય છે.

નિષ્કુળાનંદ સ્વામી રચિત પદ હવે મારા વા'લાને..... એ દ્વારા આપણે પણ શ્રીહરિને શ્વાસ ઉચ્છવાસે સતત અને નિત્ય સંભારવાનો અભ્યાસ રાખવો જોઈએ. આ ભગવાન જેના મોટા ભાગ્ય હોય તેને જ ભાવે તેવા છે. જ્યારથી આપણને આ ભગવાન મળ્યા છે ત્યારથી આપણે પૂરણ પદવીને પામી ચૂક્યા છીએ. હવે મારા વહાલાના દર્શન સારૂ, હરિજન આવે હજારે હજારૂં.... આ વર્ણન તો તે સમયનું છે. પરંતુ આજના સમયે પણ તેની સામ્યતા જોઈએ તો આપણા મૂળ મંદિરોમાં દરરોજ હજારો હરિભક્તો શ્રીહરિનું દર્શન કરવા આવે છે. જેને આ અક્ષરધામાધિપતિ પુરૂષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી મળ્યા છે, ઓળખાયા છે તેની જન્મો જન્મની ખામી ભાંગી ગઈ છે તેમ માનવું.

રે શ્યામ તમે સાચું નાણું -- પદમાં મુક્તાનંદ સ્વામી આ સંસારની અસારતા સમજાવીને માત્ર અને માત્ર શ્રીહરિને જ સાચું નાણું કહે છે. શ્રીહરિ વિના અન્ય જે તમામ સુખ સંપત્તિ કહેવાય છે તે અંતે તો મહાદુઃખ

ઉપજાવનારી થાય છે. નક્કર વાસ્તવિકતાનું વર્ણન કર્યું છે.


વંદુ સહજાનંદ રસરૂપ... ના પદોમાં પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિનો મહિમા તથા મૂર્તિનું વર્ણન કર્યું છે. કેવો મહિમા ? તો લખે છે કે જેને શેષ સહસ્ત્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ.... કેવી મૂર્તિ ? તો લખે છે કે, વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ, વહાલા એ રસના ચાખણ હાર, કે છાશ તે નવ પીવે રે લોલ.. .અમદાવાદ મંદિરના રંગમહોલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના મંગળા સ્વરૂપનું, ફક્ત અમદાવાદ જ નહિ અન્ય આપણા ઘણા મંદિરોમાં ઘનશ્યામ મહારાજ કે હરિકૃષ્ણ મહારાજના મંગળા સ્વરૂપનું જેઓએ દર્શન કર્યું હોય તેઓને ગાતા-સાંભળતા સુખ આવે કે શ્રીહરિનું રૂપ કેવું છે. ઉદરમાં કેવી ત્રિવળી પડે છે તથા નાભિ કેવી ઊંડી અતિ ગોળ છે ? અમુક વર્ણન એવું આવે કે જેના દર્શન આપણે મૂર્તિ દ્વારા ક્યારેય ન કરી શકીએ અથવા ભાગ્યે જ કોઈક ભાગ્યશાળીને એવા દર્શન મૂર્તિ દ્વારા થયા હોય ! દા.ત. જોયા જેવી ચાલ છે રે લોલ - ચતુરાઈ ચાવતાં રે લોલ.... મીઠું મીઠું ગાવતા રે લોલ - વહાલા તારે હસવે હરાણું ચિત્ત, સભા મધ્યે બેઠા મુનિના વૃંદ, તેમાં શોભે તારે વિંટ્યો જેમ ચંદ્ર હસીને બોલાવતા રે લોલ - વાલપ વેણમાં રે - વગેરે વાક્યો એવા છે કે જેઓ ધર્મવંશી આચાર્યશ્રીને શ્રીહરિનું અપર સ્વરૂપ માનતા હોય તેવા ભક્તજનોને આ પંક્તિઓ દ્વારા અનુમાન આવે કે શ્રીહરિની ચાલ કેવી હશે, શ્રીહરિનું હસવું કે ગાવું કેવું હશે ! અમદાવાદ ગાદીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી, દક્ષિણ વિભાગના સંત-હરિભક્તો માટે વડતાલ ગાદીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને જેઓએ સાંભળ્યા હોય, ચાલતા દર્શન કર્યા હોય, હસતા કે જમતા દર્શન કર્યા હોય તેમજ સંતોની મધ્યે સભામાં વિરાજમાન થયેલા કે પોતાના ઘેર પધારતા (આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ) દર્શન કર્યા હોય તેઓને જ અનુમાન આવે કે શ્રીહરિની આ સઘળી ક્રિયા કેવી હશે ! નેણા કરુણામાં ભરપુર... એ તો મૂર્તિમાં પણ નિહાળી શકાય છે અને સાથે સાથે આચાર્યશ્રીની આંખોમાં પણ નિહાળી શકાય છે. ભાર વિનાનું, દંભ વિનાનું, આડંબર વિનાનું નિર્દોષ અને સહજ હાસ્ય એ તો આ ધર્મવંશી આચાર્યશ્રીમાં શ્રી સહજાનંદ સ્વામીની પરંપરા ઉતરી છે. ધર્મવંશી આચાર્યશ્રીના ખિલ ખિલાટ હાસ્યને જેઓ માણી શકે છે તેઓએ જ સાચા અર્થમાં સહજાનંદ સ્વામીને ઓળખ્યા છે. એ હાસ્યથી જો કોઈને ગ્લાનિ થતી હોય તો માનવું કે મંદિરે આવવાનો વૃથા શ્રમ છે.

આજ મારે ઓરડે રે.... પદમાં પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિના શણગારનું વર્ણન કરીને શ્રીહરિની સર્વોપરીતા તથા શ્રીહરિની પોતાના મુખની વાણી રહસ્યની વાત કે મારા ધામમાં કોણ જઈ શકે, મારી પાસે કોણ રહી શકે તે અતિ ગૂઢ વાત કહી દીધી. મંદિરમાં જેઓ શ્રીહરિના શણગાર સ્વરૂપના દર્શન કરે છે તેઓને આ પદ સુખ આપે છે. જીવ ઈશ્વર તણો રે, માયા કાળપુરૂષ પ્રધાન, સહુને વશ કરૂ રે, સહુનો પ્રેરક હું ભગવાન, પ્રધાન પુરૂષ, પ્રકૃતિ પુરૂષ અને તેનાથી આગળ અક્ષરબ્રહ્મ પર્યંત સર્વેના સ્વામી આપણને મળ્યા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે અને એ શ્રીહરિની મરજી વિના કોઈથી એક સુકું તરણું પણ તોડાતું નથી. આટલું જેને સમજાય જાય તેમનો દ્રઢ નિશ્ચય જાણવો અને તેના કલ્યાણમાં કોઈ ખામી નથી. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે મિથ્યા પંચ વિષયની આશા જો આપણે છોડી દઈશું અને કુટુંબ પરિવારને જુઠાં જાણીને તેમાં આસક્તિ-પ્રીતિ તોડી નાખીશું અને શ્રીહરિએ કહેલા ધર્મ નિયમોનું પાલન કરીને શ્રીહરિની મૂર્તિમાં પ્રેમ કરીશું, ભક્તિ કરીશું તો આપણાં આત્યંતિક મોક્ષમાં કોઈ ખામી આવવાની નથી. એ શ્રીહરિનો કોલ છે. કોઈને એમ થાય કે કુટુંબ પરિવારને જુઠાં કેમ માનવા ! તો દરેકને અનુભવ હશે, સમાજમાં આપણે જોઈએ છીએ કે કુટુંબના માણસો બાળકને તથા કમાતા-ધમાતા યુવાનને જેટલો પ્રેમ કરે છે તેટલો પ્રેમ કોઈ વૃધ્ધને કરતું નથી. કારણ કે વૃધ્ધ પાસેથી સ્વાર્થ સરી ગયો છે, વૃધ્ધ આરે આવીને ઉભા છે. તેમની પાસેથી શું લેવાનું ? એટલે સગા સહુ સ્વાર્થના છે ! ભગવાન અને ભગવાનના સાચા સંતો સિવાય કોઈ સાચા સગા નથી. માટે નિયમ ચેષ્ટાના પદો દરરોજ ગાઈને શ્રીહરિને રાજી કરીએ એજ અભ્યર્થના.

# વજીબાના પ્રસાદીના ઘેર સ્મૃતિરૂપ હરિમંદિર

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન વિજાપુરમાં અનેક વખત પધાર્યા છે. અનેક દિવ્ય ચરિત્રો કર્યા છે. તેથી વિજાપુરની ભૂમિ મહાન તીર્થરૂપ બની છે. વિજાપુરમાં મુક્તાત્મા વજીબા રહેતા હતા. જેમના ઘરની શ્રીહરિના ચરણોથી અંકિત થયેલી પ્રસાદીભૂત ભૂમિ પર આજે શ્રી નરનારાયણદેવના તાબાનું હરિમંદિર નિર્માણ પામ્યું છે. પ્રથમ આ ભૂમિ પર શ્રીહરિએ કરેલું દિવ્ય ચરિત્ર ખૂબજ સંક્ષિપ્તમાં આલેખન કરું છું.

વિસનગરમાં એક દેસાઈની અટકનો લાલજી નામે નાગર સરકાર તરફથી સુબો મુકવામાં આવેલ, જે મહા દુષ્ટ તથા સત્સંગીઓનો મહાદ્વેષી હતો. તેથી વડનગર, વિસ નગર, કલોલ, વિજાપુર, કડી, પાટણ, સિધ્ધપુર, મહેસાણા, ખેરાળુ ગાયકવાડી રાજ્યના બધા ગામોમાં રહેતા લાખો હરિભક્તોને ઘણું દુઃખ દેતો હતો. તેમજ વડોદરાનો દિવાન જે પણ સત્સંગનો દ્વેષી હતો તેની સલાહથી આ સુબો શ્રીહરિના સંતોનો પણ આ પ્રદેશમાંથી તિરસ્કાર કરી કાઢી મુકાવતો હતો.



આ સુબાના બહેન ઉદયકુંવરબા તથા ભાણેજ બળદેવ તે બન્ને સારા સત્સંગી હતા અને સત્સંગનો ખૂબ સારો પક્ષ રાખતા. આ સુબો એક વાર વિજાપુરના વજીબા જે સથવારા જ્ઞાતિના હરિભક્ત શિરોમણી મહામુક્ત હતા. તેમના ઘર આગળ નવ ધરીયા ફળિયામાં આવી પહોંચ્યો. વજીબાને બોલાવીને કહ્યું કે તું પ્રથમ બાવા, વૈરાગી વગેરેને માનતી અને સદાવ્રત આપતી હતી, તે બધું મૂકી દઈને સ્વામિનારાયણની સત્સંગી કેમ થઈ છે ? બાઈ બોલ્યા કે આ કળિકાળમાં બાવા, વૈરાગી, અતીત, તીર્થવાસી એ સર્વે ઢોંગી, વ્યસની, પાખંડી, પેટભરા તથા કામી, ક્રોધી, લોભી હોય છે. અને સ્વામિનારાયણ તો પોતે સાક્ષાત્ ભગવાન છે. તેમજ તેમના સાધુ નારદ, શુકદેવ તથા સનકાદિકના જેવા છે. માટે સુબાજી તમે પણ સત્સંગી થાઓ. સુબાને તો શ્રીહરિનો પ્રતાપ ઈન્દ્રજાળ, વીરવિદ્યા અને જાદુરૂપ લાગતો. તેમને તો શ્રીહરિને કેદ કરવાનો અભરખો હતો એટલે એલફેલ બોલીને કહે, બાઈ ! તારા સ્વામિનારાયણ સાચા હોય તો તારા ઘર સામે પીપળો છે અને તેની પાસે કૂવો અને કૂવાની પાછળ તુલસી ક્યારો છે. તે પીપળાના વૃક્ષને ખસેડી તુલસી ક્યારાના ઓટલાને અડાડે અને કૂવો એક બાજુએ કરી તુલસી ક્યારાની તથા પીપળાની પ્રદક્ષિણા કરી શકાય, એમ કરે તો તારી વાત ખરી માનું. વજીબા કહે, એ ભગવાન તો અતિ સમર્થ છે. કદાપિ એ પ્રમાણે કરશે તો પણ તમે તો જમનો માર ખાધા વિના નહિ માનો ! સુબો કે, ભલે માર ખાઈશું પણ જમ તો નજરે જોઈશું ! એમ કહી ત્યાંથી ચાલ્યો ગયો.

શ્રીહરિ એક સમયે ગઢડાથી નીકળી ત્રણ ચાર દિવસે સંધ્યાકાળે વિજાપુર આવી પહોંચ્યા. શ્રીહરિએ વૈરાગી જેવો વેશ ધારણ કરીને વજીબાના ઘરની ઓસરીમાં આવીને તેની પરીક્ષા કરવા માટે ‘જે દ્વારકાધીશ’ કહીને બેઠા. સાથે મુકુંદ બ્રહ્મચારી હતા તેમણે પણ વૈરાગીરૂપે રહેલા શ્રીહરિના શિષ્ય બાવાનું રૂપ ધારણ કર્યું હતું. વજીબા નિત્ય સવારમાં પૂજા કરીને મહાપ્રભુને ધરાવવા માટે મગસના લાડુ તૈયાર રાખતા. સંવાદ ખૂબ લાંબો ચાલ્યો. વજીબા પાકા હરિભક્ત હતા. તેથી વૈરાગીથી હાર પામે તેમ નહોતા. પરંતુ સામા પક્ષે વૈરાગીરૂપે રહેલા શ્રીહરિ પણ બહુ ચમત્કારી હોવાથી અંતે શ્રીહરિની જીત થઈ અને પોતાની સાથે રહેલા બ્રહ્મચારીને ભૂખ લાગી હોવાથી વજીબા પાસેથી લાડુનો થાળ કઢાવવામાં સફળ રહ્યા. તેટલું જ નહિ. પરંતુ સૂવા માટે નવા ગોદડા સહિત પલંગ કઢાવવામાં પણ સફળ રહ્યા. વજીબા ઘરમાં જઈ કમાડ વાસીને સૂતા.

મધ્યરાત્રિ થવા આવી ત્યારે આ અજાણ્યો પુરુષ સૂતો છે કે શું કરે છે તે જોવા માટે વજીબા ઘરમાંથી બહાર

નીકળ્યા એ વખતે શ્રીહરિએ પોતાના બંને હાથ પાંચ પાંચ વાંભ જેટલા લાંબા કરી વજીબાને બતાવ્યા. તેથી વજીબા ભય પામીને એકદમ ઘરમાં પેસી ગયા અને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને સંભારવા લાગ્યા. પછી થોડા સમય બાદ વળી પાછા કુતુહલતાથી તે મહાત્માને જોવા માટે વજીબા બારણું ખોલી બહાર આવ્યા. અને જોયું તો એ વખતે શ્રીહરિ સૂતા હતા. પરંતુ અગાઉ લાંબા કર્યા હતા તેનાથી પણ બમણા લાંબા હાથ હતા. હાથને વચ્ચેથી વાંકા વાળેલા હતા. તથા ઘરથી સત્તર ધનુષ્ય (૧ ધનુષ્ય = ૪ હાથ) જેટલે દૂર ખૂબ ઊંચુ જે પીપળાનું વૃક્ષ હતું તે વૃક્ષની ઊંચી ડાળીઓ સુધી પોતાના પગ લંબાવીને ડાળીઓ સાથે ટેકાવ્યા હતા. વજીબા વિચારવા લાગ્યા કે આ તે કોઈ ભૂત પ્રેત હશે કે શું ? પરંતુ ના ! ભૂતની આકૃતિ તો વિકૃત અને બિહામણી હોય અને આ તો વિરૂપ નથી, અંધારામાં પણ તેજસ્વી કાંતિથી દેદીપ્યમાન લાગે છે. જે હશે તે સવારે ખબર પડશે એમ વિચારી ઘર બંધ કરી પાછા સૂઈ ગયા.

શ્રીહરિએ તો ચરણ ચાંપી પીપળો ચલાવીયો રે લોલ...... એ પંક્તિ મુજબ પીપળાને ઠેલીને પાંચ હાથ છેટે ખસેડી મૂક્યો અને તુલસી ક્યારાના ઓટલા સાથે તેને અડાડી દીધો અને વચ્ચે મોટો કૂવો હતો તે સંકલ્પ વડે ખસેડીને એક બાજુએ મૂકી દીધો. તેથી લોકો તુલસીની અને પીપળાની પ્રદક્ષિણા સુખેથી ફરી શકે એવું થયું. વહેલી સવારે મહારાજ તથા બ્રહ્મચારી બન્ને જણ કોઈ ન જાણે તેમ ઉઠીને ત્યાંથી વિસનગર ચાલ્યા ગયા. ઉદયકુંવરબાને ત્યાં મેડી ઉપર મુકામ કર્યો. બળદેવ દ્વારા લાલજી સુબાને જાણ કરાવી. સુબાએ જમાદાર મારફતે આરબોની બેરખ મોકલી. આરબોને સમાધિ થવાથી તુરત જ શ્રીહરિને ખુદા રૂપે ઓળખી લીધા. તેથી સુબાને જ મારવા તૈયાર થયા. પરંતુ શ્રીહરિનું વચન માનીને આરબોએ તે સુબાને માર્યો નહિ.

શ્રીહરિ સુબા પાસે આવીને પ્રથમ તેને હિત વચનો કહ્યા. પરંતુ સુબો નાસ્તિક હોવાથી પાપ, પુણ્ય, જમપુરી તથા પરમેશ્વર એ બધુ કલ્પિત માનતો તેથી શ્રીહરિની ઈચ્છાથી તે જ ક્ષણમાં તેનો જીવ સૂક્ષ્મ દેહ સાથે જમપુરીમાં ગયો અને ત્યાં ચૌદ કોટી જમ દ્વારા ખૂબ માર ખાધો. તેથી પંચ તત્વના સ્થૂળ શરીરની એકતા વડે ખૂબ ચીસો પાડી.

બે ઘડી પછી શ્રીહરિએ કૃપા કરી તેથી શ્રીહરિ સન્મુખ જોવા સમર્થ થયો તો ફરી સમાધિમાં પોતાની સન્મુખ મનુષ્યરૂપે બેઠેલા શ્રીહરિને અક્ષરધામમાં અમૂલ્ય સિંહાસન ઉપર દિવ્યરૂપે વિરાજમાન થયેલા દીઠા. તેથી સુબાને શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે એવો પાકો નિશ્ચય થયો અને તેથી ઉત્તમ સત્સંગી થયો.

વજીબાએ સવારે ઉઠીને જોયું તો ખ્યાલ આવ્યો કે વૈરાગીના રૂપમાં શ્રીહરિ મારા ઘેર પધારીને આ ચમત્કાર કરીને જતા રહ્યા !

હાલ સુધી આ દિવ્ય પ્રસાદીની ભૂમિ પર સ્મૃતિરૂપે શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - હીરાવાડીના સભ્યો આ પ્રસાદીની ભૂમિના સર્વે કરવાના હેતુથી દર્શન કરવા ગયા. ગાંધીનગર મંદિરના મહંત પૂ. પી.પી. સ્વામીના સૂચન અને પ.પૂ. મહારાજશ્રીના માર્ગદર્શનથી યુવક મંડળના સભ્યો ત્યાંના સ્થાનિક હરિભક્તોને મળ્યા અને મંદિર માટે વિચારણા કરી. આજુબાજુના ગામડામાંથી નોકરી-ધંધાર્થે વિજાપુરમાં આવતા હરિભક્તોનો પણ સંપર્ક કર્યો. સર્વે હરિભક્તોએ ખૂબ ઉત્સાહ બતાવ્યો અને રાજી થયા. એક જ અઠવાડિયામાં સર્વે હરિભક્તોએ ભેગા મળીને પ્રસાદીની આ ભૂમિને સાફ સુફી કરી સ્વચ્છ કરી દીધી. પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ આ ભૂમિના દર્શન કરવા પધાર્યા એટલે તેઓશ્રીએ પણ પ.પૂ. મહારાજશ્રીને યાદ કરાવ્યું. પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં, પૂ. પી.પી. સ્વામીના સભા સંચાલક પદે સભા થઈ. હરિભક્તોએ ખૂબ ઉદારતાથી મંદિર માટે ફાળો લખાવ્યો. એટલું જ નહિ સ્થાનિક હરિભક્તો તન, મન, ધનથી મંદિર નિર્માણમાં જોડાયા. દસ્તાવેજ વગેરે કોર્ટ કચેરી તેમજ નગરપાલિકાનું કામ પણ ખૂબ ખંતથી પુરુ કર્યું. પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ ૨ વર્ષના ટૂંકા ગાળામાં નવ્ય ભવ્ય સ્મૃતિરૂપ હરિ મંદિર નિર્માણ પામ્યું.

પ.પૂ. મહારાજશ્રીએ શ્રીહરિની પ્રાણ પ્રતિષ્ઠા કરીને આજુ બાજુના ગામડાના લોકોને પણ અહીં દર પૂનમે દર્શન કરવા આવવાનો અનુરોધ કર્યો. પૂ.પી.પી. સ્વામીના મંડળના સંતો દર પૂનમે અહીં આવીને હરિભક્તોને સત્સંગનો લાભ આપે છે. ગુરુ પૂર્ણિમાના દિવસે બાપુનગરના પ.ભ. શ્રી જયંતિભાઈ સુતરીયા દ્વારા કીર્તન ભક્તિ, કથાવાર્તા થઈ હતી. હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન કર્યું હતું. નિયમ પૂર્વક પૂનમે દર્શન કરનાર બહારગામના હરિભક્તોને અહીં દિવ્ય અનુભૂતિ થાય છે તેમજ તેઓના શુભ મનોરથો પણ પરિપૂર્ણ થાય છે. દરેક પ્રસાદીના સ્થાનકોનો આ પ્રમાણે વિકાસ થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(કમલેશભાઈ પટેલ - સહયોગ : ગોરધનભાઈ વી. સીતાપરા - હીરાવાડી-બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

દિવાળી આવી ને ગઈ, આપણા મંદિરોમાં દિવાળીના દરેક ઉત્સવો પરંપરાગત રીતે ઉજવાઈ ગયા પરંતુ આ વર્ષથી આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ધનતેરસના દિવસે ધનનાં પૂજનની શરૂઆત કરાઈ. પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સોના અને ચાંદીના સિક્કાના સ્વરૂપે ધનનું એટલે કેલક્ષ્મીજીનું પૂજન આપણા શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર મ્યુઝિયમના ગોર દ્વારા વિધિસર કરાયું. પ્રથમ વખત આવું પૂજન થવા જઈ રહ્યું હતું અને સત્સંગીઓના પોતાના સ્થાને પણ પૂજન થતાં જ હોય તેથી સંખ્યા વિશે થોડી અસમંજ હતી પરંતુ ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તોએ પૂજનના દર્શનનો લાભ લીધો અને ત્યાં પ્રત્યક્ષ ન હાજર રહી શકેલા ભક્તોએ વસવસો પણ દર્શાવ્યો.

આ પ્રસંગે મ્યુઝિયમને એલ.ઈ.ડી. દ્વારા સુંદર રીતે પ્રકાશિત કરાયું હતું તથા લગભગ ૩૦૦૦ દીવાઓની રોશનીથી મ્યુઝિયમને ઝળહળીત કરાયું હતું. લગભગ ૬-૩૦ કલાકે પ.પૂ.મોટા મહારાજશ્રી મ્યુઝિયમમાં પધાર્યા ત્યારે બેન્ડવાજા વાળાઓએ શ્રી સ્વામિનારાયણ ધૂનથી વાતાવરણને સંગીતમય બનાવી દીધુ હતું. ત્યાર બાદ આઠ નંબરના હોલમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિ સમક્ષ સોનાના અને ચાંદીના સિક્કાઓ ની છાબો મૂકાઈ હતી તેનું સંસ્કૃતના ઉચ્ચ સ્વરે શ્લોકોના ગાન વચ્ચે પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા દરેક સિક્કાનું પૂજન કરાયું અને ત્યાર બાદ તે પૂજન કરાયેલ સિક્કા જે હરિભક્તો એ જે સંખ્યમાં સિક્કા નોધાવ્યા હોય તેને તે પ્રમાણે સિક્કા પણ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે અને મહિલા હરિભક્તોને પ.પૂ.મોટા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે અર્પણ કરાયા હતા. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કાલુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી એ જણાવ્યું હતું કે સત્સંગમાં આવો લ્હાવો આ અગાઉ ક્યારેય કોઈને મળ્યો નથી આ સિક્કા જે પોતાને ત્યાં પોતાના ધન સાથે રાખશે તો તેને ત્યાં ક્યારેય લક્ષ્મીજીની અછત વર્તાશે નહી. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના ટૂંકા આશીર્વચનમાં જણાવ્યું હતું કે લક્ષ્મીજીના બે સ્વભાવ છે તેનાથી સૌ વાકેફ છો પરંતુ આપણે શ્રી નરનારાયણ દેવનો આશરો રાખી લક્ષ્મીજીને આવતા અને જતા તકેદારી રાખીશું તો જીવનમાં ક્યારેય દુ:ખી થવાનો સમય નહીં આવે. ત્યારબાદ અલ્પાહાર પ્રસાદરૂપે ગ્રહણ કરી સૌ હર્ષની અને ધન્યતાના અનુભવની લાગણી સાથે છુટા પડયા હતા. જેઓ નામ નોંધાવામાં રહી ગયા હતા તેવા હરિભક્તોએ પાછળથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં થી સિક્કા મેળવ્યાં હતા.

- પ્રફુલ ખરસાણી

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - નવેમ્બર - ૨૦૧૫

| | | | |
|---|---|---|---|
| રૂા. ૧,૮૫,૨૦૦/- | અ.નિ. બચીબા સ્વા.મંદિર કાલુપુર હવેલી<br>હ. પ.પૂ. મોટા મહારાજશ્રી | રૂા. ૫,૫૦૦/- | પ.ભ. મધુભા તખુભા ગોહિલ - ભરૂચ |
| રૂા. ૧૦,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ | રૂા. ૫,૦૦૦/- | પ્રફુલભાઈ એમ. પટેલ - યુ.એસ.એ. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - નવેમ્બર - ૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૨-૧૦-૧૫ | હિરાલાલ માણેકલાલ પાટડીયા, જુના વાડજ |
| તા. ૦૬-૧૧-૧૫ | ઈશ્વરભાઈ ગંગારામભાઈ પટેલ - મેમનગર |
| તા. ૧૦-૧૧-૧૫ | કાળી ચૌદશ નિમિત્તે હનુમાનજીનું વિશેષ પૂજન યજમાનશ્રી શ્યામ રવજીભાઈ પટેલ, અંકિત રવજીભાઈ પટેલ |
| તા. ૧૫-૧૧-૧૫ | ડૉ. મયુરભાઈ પટેલ - મેમનગર |
| તા. ૨૭-૧૧-૧૫ | મનજી લાલજી હિરાણી (સુખપરવાળા) યુ.કે. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં કરેલી સેવાનું ફળ અનેકઘણું મળ્યું

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ દેશના સોજા ગામમાં સત્સંગ ખૂબજ નિષ્ઠાવાળો છે. અહીં પાંચ વરસ પહેલા ગામના સત્સંગી દરબાર ડાભી બકુલસિંહ વજેસિંહની આર્થિક સ્થિતિ સાવ નબળી, પણ દેવ અને ધર્મકુળની નિષ્ઠા અંગો અંગમાં છવાયેલી. બાજુના ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધારેલા ત્યારે સંતોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સૌ ભક્તોને યથાશક્તિ સેવા કરીને અલૌકિક લાભ લેવા જણાવ્યું. આ સમયે શ્રી બકુલસિંહની સેવા કરવાની ખૂબ ઈચ્છા થઈ પરંતુ સ્થિતિ સારી ન હોવા છતાં મનમાં મનમાં રૂા. ૫૦૦૦/- ગમે તેમ કરી સેવા તો કરવી જ છે. પોતાના મિત્ર પાસે ઉછીના માંગ્યા ત્યારે તેના મિત્રે કહ્યું એમા શું મુંઝાય છે. આવા કાર્યમાં તો આપવા જ પડે તેથી રૂા. ૫૦૦૦/- ઉંછીના લઈને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા કરી પહોંચ લઈ મનનો ભાર હળવો થયો. ત્યાર બાદ પાંચ વર્ષના સમયમાં તો મહારાજ એટલા બધા ઢળ્યા કે તેમને અઢળક સંપત્તિ આપી ને ખૂબજ સુખી કર્યા. આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં કરેલી અદ્‌ભુત સેવાનું ફળ મહારાજે અનેક ઘણું કરીને પરત આપ્યું.

તા. ૨૮-૧૦-૧૫ના રોજ હમણાંજ તેઓએ પોતાના ભવ્ય આલીશાન બંગલામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતોની મહાપૂજા નિમિત્તે પધરામણી કરાવીને ધર્મકુળના આશીર્વાદ મેળવી સૌ પરિવાર ખૂબજ રાજી થયા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના આવા અદ્‌ભુત પરચા હાલ પણ ચાલું છે. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સર્વોપરિ શ્રીહરિ સ્વયં સદાય પ્રત્યક્ષ રૂપે બિરાજમાન છે. સાચી શ્રધ્ધા ભાવનાથી કરેલી સેવા ક્યારેય એળે જતી નથી. (શા.સ્વા. નાના પી.પી. સ્વામી મહંતશ્રી, ગાંધીનગર સે-૨)

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાન વિશ્વંભર છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**"ધીરજ ધર તું અરે અધિરા**
**ઈશ્વર પુરે અન્ન જોને."**

માણસને સમજાય કે ન સમજાય કે મોડું સમજાય પણ આ વાત બિલકુલ સત્ય છે. પરમાત્માનું નામ એટલે જ વિશ્વંભર છે. સર્વ જગતનું પોષણ પરમાત્મા કરે છે પણ માનવનો સ્વભાવ એવો છે કે સારૂં જે કાંઈપણ થયું તે "મે કર્યું" અને સારૂં ન થયું તો "ભગવાને આવું કેમ કર્યું ?" એમાં પણ યુવા વર્ગના તર્કશીલ લોકોને તો ભગવાનની સત્યતાની ખાત્રી કર્યા વિના નિશ્ચય થતો નથી. પણ એ વાત તો સત્ય છે કે ભગવાન જ સર્વ કર્તા હર્તા છે. અને એમની મરજી વિના કાંઈ જ શક્ય નથી. એ વાતને સમજવા આપણે આ દ્રષ્ટાંત વાંચીએ.

દિવાળી વેકેશનની રજાઓમાં ઘણા બધા લોકો ફરવા જાય છે. હરવા ફરવાના સ્થળો માનવ મહેરામણથી ઉભરાઈ પડતાં હોય છે. બાળકો હોય કે યુવાનો કે પછી વૃધ્ધો સૌ પોતપોતાની રીતે પરિવાર સાથે કે પછી એકાકી ફરવા જતા હોય છે. એવું નથી કે ગૃહસ્થો જ ફરવા નીકળે. કોઈ સંત-મહાત્માઓ પણ જગહિત માટે વિચરતા હોય છે.

આવા એક મહાત્મા તિર્થાટન કતા કરતા સરહદ વિસ્તારમાં પહોંચી ગયા. ફરતા ફરતા થાક્યા તો ઝાડ નીચે વિસામો ખાવા બેઠા. થોડીવાર થઈ ત્યાં તો ત્યાંથી એક જુવાનીયો પસાર થયો. પહેરવેશ ઉપરથી કોઈ સારા ઘરનો હોય તેવું લાગતું હતું. તે જુવાનીયો પણ સાધુ મહાત્મા પાસે આવીને બેઠો. વાતચિત દરમિયાન સાધુ મહાત્માના મુખે બોલાઈ ગયું કે - "ભગવાનની કૃપાથી બધું સારૂ ચાલે છે." પેલો યુવાન, કોણ જાણે શું થર્યું, એકદમ છંછેડાઈ ગયો. અને કહેવા લાગ્યો - ભલે તમને એમ લાગે કે ભગવાનની કૃપાથી, પણ હું એ રીતે માનતો નથી. આપણે ધારીએ તેમજ બધું થાય છે. પેલા મહાત્માજી કહે, ભાઈ ! તને કાંઈ મુશ્કેલી હોય તો તે કહે અથવા તારો કોઈ પ્રશ્ન હોય તો તે વાત કર. ત્યારે આ યુવાન કહે, મહાત્માજી ! હું તો ભગવાનને સર્વ કર્તા હત્તા વિશ્વંભર ત્યારે જ માનું કે, મારી પાસે આ ભાતાનો ડબો છે. તેમાં નાસ્તો છે પણ હું ખાવાનો નથી. જો ભગવાન સાચા હોય તો મને મારીને ખવરાવે તો માનું કે ભગવાન સાચા. નહીં તો હું ન માનું.

સાધુ મહાત્મા વિચાર કરવા લાગ્યા કે આવાને શું કરવું ! પણ હશે, ભગવાન તારી ઈચ્છા પુરી કરે તેવું વિચારી મહાત્મા તો બેસી રહ્યાં. આ યુવાન થોડે દૂર બીજુ વૃક્ષ હતું તેની નીચે તેનો ભાતાનો ડબ્બો રાખીને ઝાડ ઉપર ચઢીગયો. અડધો-પોણો કલાક નો સમય તો પસાર પણ થઈ ગયો. પેલાને ભૂખ પણ લાગેલી પણ કરે શું ! વાત એકદમ પાકી ટેક ઉપર આવી ગયેલી. આ વિસ્તાર તો સરહદી વિસ્તાર હતો. થોડીવાર પછી ત્યાંથી લશ્કરની એક ટૂકડી પસાર થઈ. તેમણે આ ડબ્બો જોયો. ઉત્સુકતાથી ડબો ખોલ્યો ત્યાં જોયું તો પુરી સુખડી વગેરે નાસ્તો હતો. આ જોઈને સૈનિકોને તે જમવાનું મન તો થયું પણ એના વડાએ કહ્યું ! ખાત્રી કર્યા સિવાય આપણે ન ખવાય. કોઈએ કાંઈ કાવત્રુ કર્યુ હોય તો ! આજુ બાજુમાં તપાસ કરો. મહાત્માજી તો આ બધું જોઈ દૂર બેઠા બેઠાં જોતા હતા. સૈનિકોએ ઝાડ ઉપર જોયું તો પેલો યુવાન બેઠેલો દેખાયો. સૈનિકોની શંકા વધુ દઢ થઈ કે આણે જ આ કાવત્રું કર્યુ હશે.

તરત જ આ સૈનિકોએ આ જુવાનીયાને ઝાડ ઉપરથી નીચે ઉતાર્યો. અને કહેવા લાગ્યા, આ તું ખા. પેલો ના પાડવા લાગ્યો, હું નહીં ખાઉં. પેલા લોકો કહે ખા... પણ શરતના લીધે આ જુવાનીયો ના જ પાડતો હતો. હવે આ સૈનિકો તેમના અસલ રૂઆબમાં આવી ગયા. અને કહેવા લાગ્યા, નક્કી તેં જ આમાં કાંઈ રમત કરી લાગે છે માટે તારે ખાવું જ પડશે. તેમ કહીને બે-ત્રણ લાફા ચોડી દીધા, ગડદા પાટુ કરીને પેલા ડબાનો બધો નાસ્તો આ જુવાનીયાને ખવડાવીને તેઓ જતા રહ્યા.

આ જુવાનીયો પેલા સાધુ મહાત્મા પાસે આવીને પગમાં પડી ગયો. અને કહેવા લાગ્યો કે મહાત્માજી ! તમે પણ સાચા અને ભગવાન પણ વિશ્વંભર સાચા. હવે આવી ભૂલ કોઈ દિવસ નહી કરૂં. આજે મને વાત સમજાઈ ગઈ છે કે કીડીને કણ ને હાથીને મણ સૌનુ પુરૂ કરવા સહુને ખવરાવનાર પરમાત્મા જ છે. મને મારી ભૂલ સમજાઈ છે. મને ભગવાનના શરણે લ્યો.

મહાત્માજીએ આ યુવાનને હવે મુમુક્ષુ જાણીને તેને ભગવાનની ભક્તિનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે ભગવાન વિશ્વંભર છે. એટલું જ નહી પણ જમેલું અન્ન પચાવનારા પણ ભગવાન છે એમ માની પરમાત્માની ભક્તિ કરો.

આ વાત એટલી બધી સત્ય છે, આપણને સમજાય કે ન સમજાય પણ આપણને સ્વામિનારાયણ ભગવાન જ જમાડે છે. કઈ રીતે ? આપણા ઈષ્ટદેવે વરદાન આપેલું છે કે મારા આશ્રિત હોય તેના પ્રારબ્ધમાં ભીખ માગવાનું લખેલ હોય તો તે અમને આવે અને અમારો ભક્ત સુખેથી અન્ન વસ્ત્રોને પામે. એવી કૃપા કૃપાનિધાનની છે !!!

●

### કોણ પવિત્ર બને ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

પુરાણોમાં એવી ઉક્તિ છે કે ગંગાજી પાપનો નાશ કરે છે. જે ગંગાજીમાં સ્નાન કરે તેના બધા પાપો બળીને ભસ્મ થઈ જાય છે. આ વાત શું ખરેખર સાચી જ હશે ! આવો વિચાર સહેજે આવે. આપણને તો ઠીક પણ એકવાર દેવી પાર્વતીજીને પણ આવો વિચાર આવેલો.

એકવાર હરિદ્વારમાં કુંભનો મેળો ભરાયેલો. લક્ષાવધિ મનુષ્યો આ કુંભના મેળામાં આવેલા. તેઓ પોતાના પાપોનો નાશ કરવા ગંગાજીમાં સ્નાન કરતા હતા. આવા સમયે શિવજી અને પાર્વતીજી પણ ત્યાં આવ્યા. આ લક્ષાવધિ મનુષ્યોને ગંગાજીમાં સ્નાન કરતા જોઈને પાર્વતીજીએ ભોળાનાથ આગળ શંકા વ્યક્ત કરી કે શું આ બધા મનુષ્યો પાપથી મુક્ત થઈ જશે ? મહાદેવજી હસી પડ્યા. મહાદેવજીને હસતા જોયા એટલે પાર્વતીજી મુંઝવણભરી નજરે ભોળાનાથ સામું જોઈને બોલ્યા કે મને ખબર ના પડી, આપ કેમ હસો છો ? શું જે પુરાણોક્તિ છે તે ખોટી છે ? ત્યારે ભોળાનાથજીએ કહ્યું ના દેવી, પુરાણની વાત સાચી છે પણ....

ફરી દેવી મુંઝાયા, આ પણ ... શું ? ત્યારે ભોળાનાથે કહ્યું કે આ વાત તમને સમજાવવા આપણે રૂપ બદલવું પડશે. અને તરત જ ભોળનાથે એક વૃધ્ધનું રૂપ લઈ લીધું. અને તેઓ રસ્તાની નજીકમાં એક ખાડો હતો તેમાં પડી ગયા. આ બાજુ દેવી પાર્વતીજી પણ વૃધ્ધાનું રૂપ લઈને ખાડા પાસે બેસીને રોવા લાગ્યા. અને બૂમો પાડવા લાગ્યા. અમારા પતિને ખાડામાંથી કોઈ બહાર કાઢો. અને માજીને આવો વલોપાત કરતાં જોઈને ઘણા લોકો મદદ કરવા પાસે આવે અને વૃધ્ધને બહાર લાવવાની તૈયારી બતાવે. ત્યાં તો વૃધ્ધાના રૂપમાં રહેલા દેવી કહે, ઉભા રહો, ભાઈ ! ઉભા રહો.... મારી એક વાત સાંભળો.

આ મારા પતિદેવને એક શાપ છે - કે જો કોઈએ જીંદગીમાં કંઈપણ પાપ કર્યું હોય તે જો મારા પતિને અડે તો તે બળીને ભષ્મ થઈ જાય. જ્યાં આટલું વચન સાંભળે ને ત્યાં તો બધા પાછા વળી જાય. પાછા કહેતા પણ જાય કે આપણાથી ક્યાંક નાનું મોટું પાપ તો થઈ જ ગયું હોય. આપણે શું ? ભલે મરતો મુવો ડોસો, આપણે નથી બચાવવા જવું. આવી રીતે સેંકડો મનુષ્યો આવ્યા અને પાછા વળી ગયા. કોઈએ મદદ કરવાનું જોખમ લેવાનો પ્રયત્ન ન કર્યો.

થોડીવાર થતાં એક શ્રધ્ધાળુ ત્યાંથી પસાર થયો. એણે પણ આ બૂમો સાંભળી તેથી તે વૃધ્ધા પાસે પહોંચ્યો. અને ખાડામાંથી ડોસાને બહાર કાઢવાની તૈયારી કરી. ત્યારે માજીએ આ ભાઈને પણ પેલા શાપ વાળી વાત કરી. ત્યારે આ ભક્ત બોલ્યો - માજી ! હમણાં જ હું ગંગાજીમાં સ્નાન કરીને ચાલ્યો આવું છું. ગંગાજીમાં સ્નાન કરવાથી મારા તમામ પાપોનો નાશ થઈ ગયો અને સ્નાન પછી મેં કોઈ પાપ કર્યું નથી તેથી હું તૈયાર છું, આ વડીલને ખાડામાંથી બહાર કાઢવા. અને જ્યાં હાથ લંબાવ્યો ત્યાં ભોળાનાથે તેમના મૂળ સ્વરૂપમાં દર્શન આપ્યા.

દેવી પાર્વતીને ભોળાનાથે કહ્યું. દેવી ! સ્નાન તો લક્ષાવધિ મનુષ્યોએ કર્યું પણ શાસ્ત્ર વચનમાં વિશ્વાસ, શ્રધ્ધા કોઈને ન હોતી. બધા ડુબકી મારે છે ને આપણે પણ મારી, આવા લોકો, જેને હૈયામાં શ્રધ્ધા નથી તેઓ ભલે રોજ ડુબકીઓ મારે પણ તેમના પાપોનો નાશ થતો નથી. પણ જે વ્યક્તિ આવી સાચી શ્રધ્ધાથી સ્નાન કરે તેના પાપોનો નાશ ગંગાજી કરે છે. ભોળાનાથ ને પાર્વતીજી આ મુમુક્ષુને આશીર્વાદ આપી અને અદશ્ય થઈ ગયા.

મિત્રો ! આ વાત ઉપરથી આપણે એ ધ્યાન રાખવાનું કે જે કાંઈ પણ ભક્તિ-ભજન, સેવા-સત્સંગ આપણે કરીએ છીએ તે શ્રધ્ધાપૂર્વકનું, સાચા દિલનું હોવું જોઈએ. તો નિષ્પાપ થવાય.

આવી જ વાત વચનામૃતમાં આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનને પૂછી કે હે પ્રભુ ! આખા દિવસ દરમ્યાન જાણે અજાણે જે કાંઈ પાપ થયાં હોય તે ઘડી કે અડધી ઘડી ભગવાનનું ભજન કરવાથી નાશ પામે કે નહીં ?

ત્યારે સ્વામિનારાયણ ભગવાને જવાબ આપતા. કહ્યું કે મન કર્મ વચને ઈન્દ્રિયો અંતઃકરણ સહિત એટલે કે એકાગ્રતાપૂર્વક સાચી શ્રધ્ધાથી એક ઘડી કે અડધી ઘડી ભગવાનનું ભજન કરે તો જરૂર એના આખા દિવસ દરમ્યાન થયેલા દોષો નાશ થાય છે. માટે અંતરની સાચી શ્રધ્ધા રાખી ભગવાનનું ભજન કરવું.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ''. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી મા ક્યા શ્લોકમાં આજ્ઞા કરી છે ?

પ્ર. ૨ શ્રી હરિકવચમાં વાત, પિત, કફની વિકૃતિથી થનારા તાવ, સન્નિપાત, સાથેના તાવ, મહાજ્વરે, દારુણ, જવરો, શૈવ, વૈષ્ણવ જ્વરો જેવા તાવ શું કરવાથી દૂર થાય ?

પ્ર. ૩ કામ, ક્રોધ, લોભ ને ભય તેણે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ?

પ્ર. ૪ લીંબડીના શેઠ મુળજીભાઈ ગઢડા દાદાખાચરના કારભારી થઈને શ્રીજી મહારાજ પાસે રહ્યા હતા. એકવાર દીકરો માંદો થયો ત્યારે ઘરે જતા હતા ત્યારે મહારાજ બોલ્યા કે, મુળજી પાછો વળ, તારો દીકરો દેહ મેલે તો તને કાંઈ શોક થાય'' ત્યારે મુળજીભાઈએ શું ઉત્તર આપ્યો ?

પ્ર. ૫ કેવા સાધુનો સંગ કરવો ને કેવાનો ન કરવો ?


પ્ર. ૬ સ.ગુ. અદ્વૈતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

પ્ર. ૭ ''મે ઢાઢી મહારાજ કો હાજર હુકમ હજુર, ગાયો જશ ગોવિંદકો, પાયો, ધન ભરપુર.'' - આ દોહાના રચયિતાનું નામ જણાવશો?

## નવેમ્બર-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** વ.ગ.પ્ર. ૧૪. **(૨)** લોયા ગામમાં. **(૩)** સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ધમડકાના દરબાર રાયસિંહનો સંવાદ છે. **(૪)** બોલ્યા મહા પ્રભુ પ્રીત કરી, મહાનુભાવાનંદ પ્રત્યે હરિ ! કોઈને ખરચી પાણી ખુટ્યું હોય તેને અપાવજો તમે સોય ''એવી કરી ભલામણ હરિ, સર્વે સંઘ ઉપર દયા કરી.'' **(૫)** સ.ગુ. બ્ર. કૃષ્ણાનંદ. **(૬)** મહારાજ ! તમારા ભક્તના અંતઃકાળે એના સર્વે ગુના તમારે માફ કરવા અને તેને ધામમાં તેડી જવાં એ હાથગરણું આપો. **(૭)** બિશપ હેબર.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩ કાજલ જયદીપસિંહ ડાભી (ડાંગરવા)
૪ પટેલ જયકુમાર (નરોડા)
૫ મહેશ ભગત પૂજારી સ્વા. મંદિર (ઘાટલોડીયા)
૬ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૭ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૮ સાં.યો. દર્શનાબેન ગુરુ સુરજબા ઝવેરબા (વાવોલ)
૯ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૦ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૧૧ પટેલ ઉષાબેન મંગળદાસ (વાવોલ)
૧૨ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૩ ગાંધી જ્યોત્સના હરિશભાઈ (સુરેન્દ્રનગર)
૧૪ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૧૫ ભાવસાર નિકીતા વી. (કાલુપુર)
૧૬ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર-હવેલી)
૧૭ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૧૮ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૧૯ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૦ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૨૧ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૨૨ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૫ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૬ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૭ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૯ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૦ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૩૧ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર)
૩૨ પટેલ માધવલાલ સોમદાસ (મારૂસણા)
૩૩ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૩૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૫ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૬ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૭ શોભના કે. (ઝોલાપરા)
૩૮ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૯ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૦ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૪૧ લલીતાબેન જે. (સાબરમતી)
૪૨ ભોળાભાઈ રણછોડદાસ (ડાંગરવા)
૪૩ પટેલ નયનાબેન સુમનભાઈ (સાબરમતી)





૧.કારતક સુદ બારસના દિવસે અમદાવાદ મંદિરમાં રંગમહોલમાં શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક કરતા પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા યજમાનનું અભિવાદન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી ૨. અમદાવાદ મંદિરના સભામંડપમાં દિવાળીના દિવસોમાં શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તા પદે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયુ હતું તે પ્રસંગે  પ.પૂ.લાલજી મહારરાજશ્રીના આશીર્વાદ મેળવતા યજમાન પરિવાર અને પ્રાસંગિક પ્રવચન કરતા મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી, તથા કથાની આરતી ઉતારતા મહિલા હરિભક્તો.





શ્રી નરનારાયણદેવ દેશના વિવિધ મંદિરોમાં અન્નકૂટોત્સવ





શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર



આઈ.એસ.એસ.ઓ. સિનેમીન્સન (ન્યુજર્સી)






ઓસ્ટ્રેલિયા - સિડની



શિકાગો



ટોરેન્ટો



નારાયણઘાટ



કાંકરિયા



પીયોરિયા



ડિટ્રોઈટ



નાથદ્વારા



















૧.શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની-ઓસ્ટ્રેલિયામાં તુલસી વિવાહના દર્શન. ૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગટન ડી.સી. ખાતે તુલસી વિવાહના દર્શન. ૩. આપણા ટોરેન્ટો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહના દર્શન. ૪. નારયણઘાટ-અમદાવાદ મંદિરમાં દેવદિવાળીએ તુલસી વિવાહ પ્રસંગે યજમાન પરિવાર. ૫. શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરામાં અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી ૬.પડુસ્મા ગામે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં રાત્રી કથા પારાયણ કરતા શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) "આસક્તિ માત્ર પરમાત્મામાં રાખવી" (એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે આ સત્સંગ સભા થાય છે તે શેના માટે થાય છે? તો શાસ્ત્રોના માધ્યમથી આપણું જ્ઞાન વધારવા માટે થાય છે ને ? પરંતુ ભક્તિ વગરનું જ્ઞાન અધુરુ અધુરુ છે. ગમે તેટલી જ્ઞાની વ્યક્તિ હોય તો પણ ભક્તિ તો જોઈએ જ કેમ કે ? જ્ઞાન વધે ત્યારે વ્યક્તિના જીવનમાં અહંકાર આવી જાય છે. પરંતુ જ્ઞાનની જોડે ભક્તિ હોય ત્યારે જીવનમાં નમ્રતા રહે છે. જીવનમાં ધર્મ સહિત ભક્તિ હોય ત્યારે જ જ્ઞાન પરિપૂર્ણ થાય છે. ઉધ્ધવજી ખૂબ તત્વજ્ઞાની હતા. અને વ્રજની ગોપીઓ અભણ હતી. પરંતુ તેમની પ્રેમલક્ષણા ભક્તિ હતી. બન્નેનું ખૂબ મહત્વ છે. પરંતુ ઉધ્ધવજીના મતે જ્ઞાન જ સર્વસ્વ હતું. જ્ઞાનમાં જ બધુ આવી ગયું તેમ તેઓ માનતા હતા. શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવજીને વ્રજમાં ભક્તિની ઓળખાણ કરાવવા માટે મોકલ્યા હતા. નહિતર પરમાત્માને કોઈની જરૂર પડે નહિ, સંકલ્પ માત્રથી બધા કામો થઈ જાય. શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવજીને કીધુ કે તમે જઈને ઉપદેશ કરો તો ગોપીઓ મને ભૂલી જાય અને ગોપીઓ જ્યારે મને ભૂલી જાશે ત્યારે જ હું ગોપીઓને ભૂલી શકીશ. ભક્ત જ્યારે સાચા હૃદયથી ભક્તિ કરે છે તો ભગવાન પણ ભક્તને ભૂલી શકતા નથી. શ્રીકૃષ્ણ પરમાત્માએ કીધું કે ગોપીઓની વિરહ-વ્યથા દૂર કરજો. અને મારા માતા-પિતાને સાંત્વના આપજો. અને ઉધ્ધવજી જ્યારે નંદ-યશોદાને મળ્યા ત્યારે તેમનો અડધો અહંકાર દૂર થઈ ગયો. જ્યારે માતા-પિતાએ એવું કીધું કે અમોને કદમ્બના વૃક્ષ ઉપર યમુનાને કિનારે દરેક જગ્યાએ કૃષ્ણનો અનુભવ થાય છે. ત્યારે તેમનું શુષ્ક જ્ઞાન જે ભક્તિ વગરનું હતું તે નરમ પડવા લાગ્યું. ગોપીઓએ જ્યારે ઉધ્ધવજીને કીધું કે શ્રીકૃષ્ણ તો અમારી પાસે યમુનાને કિનારે દરરોજ બંસરી વગાડે છે. શ્રીકૃષ્ણ તો અમારી સાથે જ છે. તો આપ ક્યા કૃષ્ણનો સંદેશો લઈને આવ્યા છો ? તો અભણ ગોપીઓની ભક્તિ જોઈને ઉધ્ધવજી ચકિત થઈ ગયા અને ભક્તિમાં તરબોળ થઈને મહિનાઓ સુધી ત્યાં રોકાઈ ગયા. અને ગોપીઓની રજ મસ્તક પર ચડાવા લાગ્યા. ગુરુ તરીકે આવ્યા હતા અને શિષ્ય બનીને પાછા ગયા. આથી એ સમજવાનું છે કે ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો પણ ભક્તિ તો હોવી જ જોઈએ. હૃદયથી ભક્તિ કરવાની છે. જેમ અગ્નિ લાકડાને ભસ્મ કરી દે છે તેમ સાચી પ્રેમલક્ષણા ભક્તિ બધું પાપ બાળી નાખે છે. હૃદય પીગળી જાય રૂંવાડા ઉભા થઈ જાય. આંખમાંથી અશ્રુ વહેવા લાગે આવી ભક્તિ થાય ત્યારે ભગવાન વશ થાય છે. એવી ભક્તિ ક્યારે થાય છે તો ભગવાનમાં અતિશય પ્રેમ થાય છે ત્યારે થાય છે. આસક્તિ માત્ર પરમાત્મામાં રાખવાની તેનાથી બધું પ્રાપ્ત થઈ જાય છે.

એક રાજ્યના રાજાએ એવી જાહેરાત કરી કે આવતી કાલે સવારે જ્યારે રાજ્યના દરવાજા ખૂલે ત્યારે બધાએ અંદર આવી જવાનું અને જે વસ્તુ ઉપર જે વ્યક્તિ હાથ મુકશે એ વસ્તુ કાયમ માટે તે વ્યક્તિની થઈ જશે. તો બધી પ્રજા દરવાજાની બહાર એકઠી થઈ ગઈ. અને બધા વિચારવા લાગ્યા કે આપણે કઈ વસ્તુ પસંદ કરીશું. બધા મનગમતી વસ્તુ વિચારવા લાગ્યા. કોઈ વિચારવા લાગ્યું કે આપણે રાજકુમારી ઉપર હાથ મુકીશું કોઈ વળી સારી અન્ય વસ્તુઓ ઉપર એમ વિચારવા લાગ્યા. પછી બીજા દિવસે સવારે દરવાજા ખુલ્યા એટલે બધા અંદર આવી અને પોતાની મનગમતી વસ્તુ પર હાથ મુકવા લાગ્યા. રાજા બધું જોતા હતા. તેટલામાં એક નાનો છોકરો આવ્યો તો તેણે આવીને રાજા ઉપર હાથ મૂકી દીધો. તો પરિણામ શું આવ્યું કે રાજ્યમાં જે વસ્તુ હતી તે બધી બાળકની બની ગઈ. કેમ કે રાજા બાળકના થઈ ગયા. તો રાજ્ય તો રાજાનું જ હતું !

તો આપણે શું કરીએ છીએ. આ જગત મહારાજે બનાવ્યું છે તો આપણે મહારાજની પાછળ દોડતા નથી. પરંતુ તેમના દ્વારા બનાવેલી વસ્તુ પાછળ દોડીએ છીએ. તો આપણે જગત પાછળ દોડવાનું બંધ કરીને પરમાત્મા પાછળ દોડીએ તો તેમના દ્વારા બનાવેલી બધી વસ્તુ આપો આપ આપણને મળી જાય છે. સહેલાઈથી મળી જાય છે. જગતની વસ્તુઓ માટે આટલી ભાગદોડ કરવી પડતી નથી. અને સત્સંગ કરવાથી જ જ્ઞાન અને ભક્તિ બધું પ્રાપ્ત થાય છે. તેનાથી ઉત્તમ ઉપાય આ સંસાર પાર કરવાનો છે જ નહિ. સત્સંગ કરવાથી સ્હેજે સ્હેજે ભગવાનની પ્રાપ્તિ થાય છે. અને તમે બધા બીજાને સત્સંગ સમજાવો છો. બીજાને સત્સંગમાં લઈ આવો છો તે ખૂબ મોટી વાત છે. આપણે બીજાને સત્સંગ આપી શકીએ તેનાથી મોટું કાંઈ નથી. તેનાથી ભગવાન વિશેષ રાજી થાય છે.

●

### જગતનું મોટું તીર્થ ક્યું ?

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જગતનું સૌથી મોટું તીર્થ મા-બાપ છે. અને આ તીર્થ આપણા ઘરમાં જ હોય છે. એ તીર્થની યાત્રા જેણે કરી હોય એણે જગતના સર્વ તીર્થની યાત્રાઓ કરેલી છે. એટલે જ કાર્તિક સ્વામી અને ગણપતિ બંને પુત્રોને માતા-પિતા શિવ-પાર્વતીએ કહ્યું કે તમારામાંથી જે પુત્ર આખા ધરતીની યાત્રા કરીને સૌથી વહેલો આવશે તેના લગ્ન પ્રથમ કરવામાં આવશે. મા-બાપની વાત સાંભળીને મોટા પુત્ર કાર્તિક સ્વામી આખી ધરતીની યાત્રા કરવા ઉપડી ગયા. જ્યારે બુધ્ધિશાળી નાના પુત્રે થોડો વિચાર કર્યો. પછી પોતાના મા-બાપને પ્રદક્ષિણા કરવા માંડ્યા. શિવને પાર્વતીજી હસ્યા અને કહ્યું બેટા ગણેશ તે તો અમને જ પ્રદક્ષિણા કરી એમાં બધા તીર્થ આવી ગયા ? ગણેશજી કહે કે હે માતા પિતા ! જગતના સર્વ તીર્થ આવી ગયા ? ગણેશજી કહે કે હે માતા પિતા ! જગતના સર્વ તીર્થો માતા પિતામાં વસે છે. એટલે મેં તમને પ્રદક્ષિણા કરી છે. એમાં બધા તીર્થો ન આવી ગયા ? આ સાંભળી ને શિવ-પાર્વતીજી બહું રાજી થઈ ગયા. અને શરત પ્રમાણે ગણેશજીના પ્રથમ લગ્ન કરી દેવામાં આવ્યા.

માતા-પિતાનું આરાધન કર્યા વગર, એમને રોતા કકળાવતા છોડી ને, જે દીકરાઓ તીર્થ કરવા જાય, દેવ દર્શન કરવા જાય તો પદ્મ પુરાણ કહે છે કે એને તીર્થનું ફળ મળતું નથી. પણ એ પૃથ્વી ઉપર વ્યર્થ ભટક્યા કરે છે. આ વિશે પદ્મપુરાણની એક કથા છે. નરોત્તમ નામનો એક બ્રાહ્મણ હતો. તે આ રીતે જ મા-બાપનો અનાદર કરીને તીર્થ કરવા ચાલ્યો ગયો. એ બ્રાહ્મણ પાસે એવી તપની શક્તિ હતી કે તીર્થમાં સ્નાન કરીને દરરોજ પોતાનું ભીનું વસ્ત્ર આકાશમાં અધ્ધર રાખીને સૂકવતો. આકાશમાં કોઈપણ જાતના આધાર વગર એ વસ્ત્રો સૂકવી શકતો. પોતાની આ સિધ્ધિનો એના મનમાં અહંકાર આવ્યો. મારા જેવો પુણ્ય કરનારો આ જગતમાં બીજો કોઈ નથી. જ્યાં બ્રાહ્મણ આટલું બોલ્યો એ જ વખતે આકાશમાં ઉડતો કોઈ બગલો બ્રાહ્મણના મોઢા પર ચરક્યો. ક્રોધે ભરાઈને તેણે શાપ દીધો. ''ભસ્મ થઈ જા'' તરત જ એ બગલો ભસ્મ થઈને પૃથ્વી ઉપર પડ્યો. બગલો ભસ્મ થઈ જવાથી બ્રાહ્મણના મનમાં ભય પેઠો. વળી બગલાનો નાશ કરી નાખવાના પાપથી તેનું વસ્ત્ર આકાશમાં અધ્ધર સૂકાતું બંધ થઈ ગયું હતું. જેવું એ વસ્ત્ર આકાશમાં સૂકવવા પ્રયત્ન કરે કે તરત જ વસ્ત્ર નીચે પડી જતું હતું. આ જોઈને બ્રાહ્મણને મનમાં બહુ લાગી આવ્યું. એ જ વખતે આકાશવાણીએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તું મૂક નામના એક ચંડાળ પાસે જા. એની પાસેથી ધર્મને જાણીશ તો સુખી થઈશ.

આકાશવાણી સાંભળીને બ્રાહ્મણ ધાર્મિક ચંડાળને ઘરે ગયો. એ વખતે ચંડાળ પોતાના મા-બાપની સેવા કરતો હતો. તેણે જોયું કે આ ચંડાળ શિયાળામાં પોતાના માતા-પિતાને નાહવા માટે ગરમ પાણી કરી આપતો હતો. તેમજ તેલ માલીશ, તાપણી, રજાઈ, વસ્ત્ર વગેરે આપતો હતો. અને વસંત ઋતુમાં દૂધ, મિષ્ટાન તથા સુગંધી પુષ્પમાળાઓ પોતાના મા-બાપને આપતો. ઉનાળામાં પોતાના મા-બાપને વિંઝણાથી પવન નાખતો. હમેશાં મા-બાપ ને જમાડીને જમતો. મા-બાપના પગ દાબતો વગેરે અનેક રીતે ચંડાળ મા-બાપની સેવા કરતો હતો. એની સેવા ભાવનાથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ ઘણા લાંબા સમયથી એના ઘરમાં રહેતા હતા. આ જોઈને બ્રાહ્મણને બહું નવાઈ લાગી.

બ્રાહ્મણે ચંડાળને પૂછ્યું કે, મોક્ષ મેળવવા માટે મારે શું કરવું ? એ મને કહો. મૂક ચંડાળ કહે છે, જુઓ ભૂદેવ ! હું અત્યારે મા-બાપની સેવા કરૂં છું તો તમારા પ્રશ્નોના જવાબ પછી આપીશ. અને તમારો સત્કાર પણ પછી જ કરીશ.

બ્રાહ્મણ રીસ કરીને બોલ્યો, બ્રાહ્મણ ને મૂકીને બીજું વધારે કાર્ય ક્યું હોઈ શકે ? ભૂદેવ ! તમે ખોટો ક્રોધ શા માટે કરો છો ? હું કાંઈ બગલો નથી કે તમારા શાપથી બળી જાઉં. તમારો ક્રોધ બગલા સામે સફળ થયો હશે પણ મારી આગળ નહિં થાય. તમારૂ વસ્ત્ર પણ હવે આકાશમાં સૂકાતું નથી ને તમે આકાશવાણી સાંભળીને મારે ઘેર આવ્યા છો. તો થોડીવાર ઉભા રહો. મા-બાપની સેવા પતાવીને હું તમારું હિત કરીશ. એક સામાન્ય જેવા દેખાતા ચંડાળને આ વાત કોણ કરી ગયું. બ્રાહ્મણને આશ્ચર્ય થયું. મૂક ચંડાળે કહ્યું જો તમારી પાસે સમય હોય તો તમે એક પતિવ્રતા સ્ત્રી પાસે જાઓ એ તમને હિતકારી વાત કરશે.

નરોત્તમ બ્રાહ્મણ આ રીતે ફરતો ફરતો પતિવ્રતા સ્ત્રી પાસે ગયો. તે પણ પોતાના પતિની સેવામાં રોકાયેલી હતી. ત્યાંથી તુલાધાર નામના વેપારીને ઘેર ગયો. તુલાધાર સ્નાન કરતો નથી, દેવ તર્પણ કરતો નથી, ગંદુ મેલું શરીર, મેલા કપડાં પહેર્યા છે. છતાં આ તુલાધાર મારા હૃદયની વાત જાણે છે ! હે તુલાધાર ! મને હિતકારી ધર્મમય વાણી સંભળાવો. તુલાધારે મીઠા સ્વરે કહ્યું, ''અત્યારે દુકાનમાં ગ્રાહકોની અવર-જવર બહું છે થોડીવાર પછી મળજો. આ રીતે આ બ્રાહ્મણ તુલાધાર પાસેથી અદ્રોહક પાસેથી એક વૈષ્ણવ ભક્તને ઘેર ગયા. ચંડાળ, પતિવ્રતા, અદ્રોહક અને વૈષ્ણવ આ પાંચ ભક્તોને ઘેર ભગવાન પ્રગટ બિરાજતા હતા. એ જોઈને બ્રાહ્મણને ખૂબ નવાઈ લાગી અને તેણે પોતાનું મસ્તક ભગવાનના ચરણમાં નમાવી દીધું. હે ભગવાન ! હું તમારે શરણે છું. હું તમારો દાસ છું તમે બહુ કૃપા કરીને આ પાંચ ભક્તોને ઘેર મને તમારા દર્શન આપ્યા છે. ભગવાન વિષ્ણુ કહે છે હે બ્રાહ્મણ ! આવા પુણ્યશાળી ભક્તોના દર્શનથી જ તમારા સર્વ પાપો નાશ પામ્યા છે. આવા પુણ્યશાળી ભક્તોના એક જ વાર દર્શન, સ્પર્શ કે તેમની સાથે વાત કરવાથી હરકોઈ મનુષ્ય અક્ષય સુખને પામે છે. બ્રાહ્મણ કહે છે પ્રભુ ! જેમ તમે અંતર્યામી છો તેમ આ તમારા સર્વ ભક્તો પણ અંતર્યામી છે. મારા શાપથી મરી ગયેલા બગલાની વાત તમારા આ પાંચેય ભક્તો જાણે છે. હું પણ એમના જેવો ભક્ત બનું એવી મારા ઉપર કૃપા કરો. ભગવાન કહે હે, બ્રાહ્મણ, તમારા માતા પિતા તમારા દ્વારા સન્માન પામ્યા નથી. મા-બાપની સેવા સત્કાર કરીને તમે મારા ધામને પામશો. પણ મા-બાપના નિઃશાસાથી તમારૂ તપ હમેંશા ઘટતું જાય છે. તેથી તમે હમેંશા મા-બાપની સેવા કરો. જે પુત્રો ઉપર મા-બાપનો ક્રોધ ઉતરે એવા દ્રોહી પુત્રોને નરકમાં પડતો બચાવવા બ્રહ્મા કે શંકર પણ સમર્થ નથી. માટે તમે તમારા મા-બાપની પાસે જાઓ. એમની સેવા કરો, પૂજા કરો તેમની કૃપાથી તમે જરૂર મારા ધામને પામશો. ભગવાનની આજ્ઞા માથે ચડાવીને તીર્થ કરવાનું માંડી વાળીને બ્રાહ્મણ ઘેર ગયો અને મા-બાપની સેવા કરવા લાગ્યો. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે, ''પોતાના માતા-પિતા અને ગુરૂની જીવન પર્યંત સેવા કરવી. મા-બાપની સેવા કરવામાં વ્રત, તપ, કે તીર્થ વગેરે કદાચ રહી જાય છતાં શાસ્ત્રો કહે છે કે એનું કલ્યાણ થઈ જાય છે.

●

### અખંડ ધ્યાન

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

ભગવાનને નિત્ય અખંડ જોઈ રહેવું તેને ધ્યાન કહેવાય ને ભગવાનનો મહિમા સંપૂર્ણ જાણવો તેને જ્ઞાન કહીએ. જેમ ભરવાડને વગડે ફરવું કઠન નથી પણ સાંજ સુધી ઘરમાં બેસાડી મૂકીએ તો કઠણ પડે છે. તેમ ધ્યાન કરવું કઠિન છે. મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે.

**''જ્યાં જુએ ત્યાં રામજી બીજું કોઈ ન ભાસે રે,**
**ભાત દેખી ભૂલે નહિ અનુભવ ઉજારો રે''**

માણાવદરમાં મયારામ ભટ્ટની માતાને નિશ્ચય ખરેખરો હતો. મહારાજનું ભજન કરતા. એક વખત તેમને મહારાજના દર્શન થયે ઘણા દિવસ થઈ ગયા. તેથી મનમાં સંકલ્પ થયો. મહારાજના દર્શન ક્યારે થશે ? એમ બહુ ઉદાસ થઈ ગયા. ખાવા પીવાનું ગમે નહિ. રાત્રીમાં કોઈ વાર રડે પણ ખરાં. એકવાર રાત્રે ઘરનાં કમાડ વાસીને મહારાજનું ધ્યાન કરવા બેઠાં. બે ઘડી સુધી ધ્યાન કરીને આંખો ઉઘાડી તો ઘરમાં તેજ દેખાયું. તેજ શીતળને શ્વેત હતું. તેમાં મહારાજની મૂર્તિ દેખી. સાથે મુક્તો હતા. સ્તુતિ કરવા લાગ્યા. હે મહારાજ ! હવે તમારી દાસી જાણીને અહીંયા જ રહો. આ પ્રકાશ મયારામ ભટ્ટે જોયો તેઓ ઘરમાં આવ્યા. તેમને પણ મહારાજે દર્શન દીધાં તેમણે કહ્યું મહારાજ અમને દયા કરીને દર્શન દીધાં. મહારાજે કહ્યું તમારા મા ઘણા દિવસથી વિનંતી કરતા હતા. તેથી આવ્યા છીએ. એમ કહીને અંતર્ધાન થઈ ગયા.

## શ્રી સ્વામિનારાયણ

વનવિચરણ વખતે એક ગામ આવ્યું. ત્યાં નદીને કાંઠે પીપળાના વૃક્ષ નીચે આસન કરીને મહારાજ બેઠા. તે ગામમાં ભાવસાર ભગવાનદાસની માતાએ કહ્યું તું ભગવાનને ખોળીને આપણે ઘેર લઈ આવ. ત્યારે તેણે કહ્યું ભગવાનને કેમ ઓળખવા. તેની મા કહે ભગવાન હોય તેને ઓછાયો ન હોય. તેની સ્ત્રી કહે ભગવાનની આગળ દીવો મૂકીએ તો વાંસામાં સીધો દેખાય. ત્યારે ભગવાનદાસ કહે મને એક બ્રાહ્મણે કહ્યું હતું કે ભગવાન હોય તેમના ચરણમાં ૧૬ ચિહ્નો હોય. તેણે મને ઓળખાવ્યા છે. પછી તેની માતાએ ભાતું કરી આપીને કહ્યું ભગવાનને ગોતીને લાવજે. ત્યારે છોકરો કહે તમારો ખરેખરો ભાવ હશે તો હમણાં ગોતીને આવીશ. તે ચાલ્યો નદી પાસે આવ્યો. ત્યારે શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્રણેનો સાચો પ્રેમ જોઈને ભાવસારને નામ લઈને બોલાવ્યો. તારે ભગવાન ખોળવાની ઉતાવળ છે. પણ મારા પગમાંથી કાંટો કાઢતો જા. તેથી ભગવાનદાસ ત્યાં આવ્યો અને પોતાનું લૂગડું પાણીમાં બોળીને મહારાજનો જમણો ચરણ પોતાના ગોઠણ પર મેલીને લૂછ્યો ને જોયું તો નવ ચિહ્નો દેખાયા. તે ગણ્યા પછી મહારાજને કહે આમાં તો કાંટો નથી. પછી મહારાજે ડાબો ધર્યો. આમાં હશે. તેને પણ લૂંછીને તેમાં સાત ચિહ્નો ગણ્યા. પછી પોતે મનમાં જાણ્યું કે, આ તો સાક્ષાત્ ભગવાન છે. એમ કહીને બોલ્યો હે દયાળુ તમારા ચરણમાં કાંટો નથી. તમે તો સાક્ષાત્ ભગવાન છો. એમ કહી મહારાજને પોતાના ઘેર તેડી લાવ્યો. માતાએ કહ્યું કેમ પાછો આવ્યો. હું ભગવાનને સાથે લાવ્યો છું. તેના મા એ ફળિયામાં આવી જોયું તો મહારાજને ચારેકોર ઓછાયો ન જોયો. એટલે પગે લાગીને ઓસરીમાં ઢોલિયે પધરાવ્યા. તેની સ્ત્રીએ પણ દીવો મેલ્યો સોસરો દેખાયો. તે બાઈએ પણ પગે લાગીને સ્તુતિ કરી ને સર્વેને મહારાજે ચતુર્ભુજ રૂપે દર્શન દીધું ને પોતાનો નિશ્ચય કરાવ્યો. ગામના બધા માણસો દર્શન કરી ગયા. ત્રણ દિવસ ત્યાં રહ્યાં. ચાલવાની રજા માગી. બધાએ ના પાડી ત્યારે મહારાજે કહ્યું અમારે તીર્થ કરવા જવું છે. માટે રોકાશું નહિ. તમારો મોક્ષ થશે. એ વર અમે આપીએ છીએ. દેહ રહે ત્યાં સુધી અમારી મૂર્તિનું ધ્યાન કરજો.

ગઢડા મધ્ય-૬૨ માં અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રશ્ન પૂછ્યો. આ સંસારને વિષે પુરુષ આઠે પહોર વિટંબણામાં રહ્યો હોય તેનાથી ગમે તેવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય. પણ તે જો એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય ત્યારે દિવસ બધામાં જે પાપ કર્યું હોય તે ભજને કરીને બળે કે ન બળે ? મહારાજ કહે ભગવાનનું ભજન કરવા બેસો તે સમે ને એકાગ્ર થઈને ભજનમાં જોડાય તો એવી રીતે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં "અક્ષરભુવન" મંદિરનો જીર્ણોધ્ધાર**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં નિજ મંદિર પાસેના અક્ષર ભુવન મંદિરમાં બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ બિરાજે છે. આ અક્ષરભુવન મંદિરને ઘણા વરસો થવાથી જીર્ણ થઈ ગયું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હાલ જીર્ણોધ્ધારનું કામ ચાલું છે. આવા અલૌકિક તીર્થમાં જ્યાં શ્રીહરિબાલ સ્વરૂપે દર્શન આપે છે તેમાં આપ સૌ ભક્તોને સેવા કરવાની ઈચ્છા સંકલ્પ થાય તો કોઠાર ઓફિસમાં રોકડ, ચેક, ડ્રાફટથી સેવા મોકલી શકો છો. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧**


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ઉત્તરાયણ પુણ્ય પર્વ પ્રસંગે દાન પુણ્ય

ભારત વર્ષના પુણ્ય પર્વોમાં ઉત્તરાયણનો મહિમા અનેરો અને અલૌકિક છે.

મકર રાશીમાં સૂર્ય પ્રવેશનો સંક્રાંતિકાળ એ શુભનું મંગળકારી આગમન, સર્વથા દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ સમયે પુણ્ય સ્થાનકમાં દાન કરવાથી આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો તત્કાલ ફળે છે.

તો આવા સર્વોપરી શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં તા. 16-12-2015 થી તા. 14-1-2016 દરમ્યાન ધૂનનો મહા અલૌકિક લાભ લીધો તે નિમિત્તે તા. 14-1-2016ના રોજ પુણ્ય પર્વ હોવાથી દરરોજ પ્રભાતે થતી ધનુર્માસની ધૂન્ય કથાની દિવ્ય સભામાં પધારી ઠાકોરજીની આ સેવાનો અતિ શુભ પ્રસંગે ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ધન્યભાગી બનીએ.

**સમસ્ત શ્રીનરનારાયણદેવ દેશના હરિ મંદિરના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જોગ**

શ્રી નરનારાયણદેવ દેશના દરેક ગામોના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ ભલામણ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે અનાજ-રોકડ જે કાંઈ દાન આવે તે તમામ વસ્તુ ઉઘરાવીને અમદાવાદ કાલુપુર મંદિરમાં જમા કરાવી જશો. આવું સેવાનું સુંદર કામ કરીને શ્રીહરિનો રાજીપો મેળવવા કૃપા પાત્ર બનશો.

મહંત સ્વામી<br>
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના<br>
શ્રીહરિ સ્મૃતિ સહિત<br>
જયશ્રી સ્વામિનારાયણ.

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..........................................................................

સરનામું : ..........................................................................

ફોન નં. : ......................... મો. : ..........................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ, પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવના થાળ તથા ધર્મકુળની રસોઈ તથા સંત, વર્ણી, પાર્ષદો અને હરિભક્તોની રસોઈ નિમિત્તે ગુરુવારના તા. 14-1-2016ના રોજ દર્શને આવો

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૫૦૦ | ૧૦૦ કિલો | ૧૭૫ | |
| ઘઉં | ૧૫૦૦ | ૧૦૦ કિલો | ૭૫ | |
| મગ | ૭૫૦૦ | ૧૦૦ કિલો | ૩૭૫ | |
| તલ | ૩૦૦૦ | ૨૦ કિલો | ૭૫૦ | |
| ચણા દાળ | ૬૨૦૦ | ૧૦૦ કિલો | ૩૧૦ | |
| તુવેર દાળ | ૧૪૦૦૦ | ૧૦૦ કિલો | ૭૦૦ | |
| મોગર દાળ | ૯૦૦૦ | ૧૦૦ કિલો | ૪૫૦ | |
| શુદ્ધ ઘી | ૪૫૦૦ | ૧ ડબો | ૧૫૦૦ | |
| તેલ | ૧૧૦૦ | ૧ ડબો | ૩૩૪ | |
| ગોળ | ૩૮૦૦ | ૧૦૦ કિલો | ૧૯૦ | |
| ખાંડ | ૩૨૦૦ | ૧૦૦ કિલો | ૧૬૦ | |
| કુલ રૂા. | ૫૭૩૦૦ | | ૫૦૧૯ | |
| મંદિર જીર્ણોધ્ધાર | | | | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
"શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૨૨૧૩૨૧૭૦.

શ્રી સ્વામિનારાયણ

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દિવાળીના ઉત્સવોની ભવ્ય ઉજવણી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં અને પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ દિવાળીના નીચે મુજબના ઉત્સવો ભવ્યતાથી ઉજવાયા હતા.

**કાળીચૌદશ :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજમાન ધર્મકુળના કૂળદેવતા શ્રી કષ્ટભંજન દેવનું સાંજે ૬-૩૦ કલાકે પૂજન-અર્ચન આરતી-અન્નકૂટોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયું હતું. પૂજારી પાર્ષદ બાબુ ભગત અને મહાદેવ ભગતે સુંદર આયોજન કર્યું હતું.

**દીપોત્સવી સમૂહ શારદા પૂજન :** પ્રસાદીના અલૌકિક સભા મંડપમાં સાંજના ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સમૂહ શારદા પૂજન મંદિરના ગોર શ્રી કમલેશભાઈ અને અન્ય સાથી વિપ્રો દ્વારા શાસ્ત્રોક્ત પરંપરા મુજબ વિધિવત રીતે થયું હતું. વહેપારી ભાઈઓએ પોતાના ચોપડાનું પૂજન કરાવીને શ્રીહરિએ સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી શ્લોક ૧૪૬ નું સતત અનુસંધાન રાખી વેપાર કરવા મહારાજને પ્રાર્થના કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ વહેપારીઓને અંતઃકરણ પૂર્વકના આશીર્વાદ આપી રાજી થયા હતા.

**નૂતન વર્ષ અન્નકૂટોત્સવ :** નૂતન વર્ષના પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી, શણગાર આરતી અને છપ્પન ભોગ અન્નકૂટ આરતી ધર્મકુળના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. દર્શનાર્થી હરિભક્તોએ દેવ દર્શન કરી ધર્મકુળ અને સંતોના દર્શન કરી નવા વર્ષના આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર પ્રસંગમાં પૂ. મહંત સ્વામીના મંડળના સંતો સ્વા. હરિચરણદાસજી, બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, નટુ સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી અને શા. નારાયણમુનિદાસજી આદિ સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. અન્નકૂટ પ્રસાદ વિતરણમાં સંતોની સેવા પ્રસંશનીય હતી.

(કોઠારી શા.સ્વામી. નારાયણમુનિદાસ)

### શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવના પરમ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અ.નિ. પ.ભ. અ.નિ. શાંતિલાલ રવજીભાઈ ચોકસી અને અ.નિ. ચંપાબેન શાંતિલાલ ચોકસીના પુણ્ય સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી કારતક સુદ-૫ તા. ૧૬-૧૧-૧૫ થી (લાભ પાંચમ)થી કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી તા. ૨૨-૧૧-૧૫ પર્યન્ત સંપ્રદાયના સુપ્રિસધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંગીતના મધુર સૂર સાથે સંપન્ન થઈ હતી. સંહિતા પાઠના વક્તાપદે શા.સ્વા. હરિપ્રિયદાસજી રહ્યાં હતાં. સાતેય દિવસ યજમાન પરિવાર અને શ્રોતાજનોએ શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરી ધન્ય ધન્ય બન્યા હતા. છેલ્લા દિવસે પૂર્ણાહુતિની વ્યાસપીઠની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારીને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગ દરમ્યાન પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી તેમના શિષ્ય મંડળે સુંદર આયોજન કર્યું હતું. કથા દરમ્યાન સભા સંચાલન શા.સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું.

(શા. સ્વા. નારાયણમુનિદાસ)

### પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૨૦ માં વાર્ષિક પાટોત્સવ એવં નિજ મંદિર જીર્ણોધ્ધાર પ્રસંગે શ્રી ઘનશ્યામ મહોત્સવ તા. ૨૪-૨-૧૬ થી તા. ૨૮-૨-૧૬ અંતર્ગત ૨૦ ગામોમાં સત્સંગ સભાનું આયોજન

#### પાંચમી સત્સંગ સભા

તા. ૪-૧૦-૧૫ ના રોજ બિલોદરા ગામે પાંચમી સત્સંગ સભા સુંદર રીતે સંપન્ન થઈ હતી. જેમાં સંતોએ કથા વાર્તા અને કીર્તન ભક્તિ કરી લાભ આપેલ. (દિવ્યપ્રકાશ સ્વામી)

#### છઠ્ઠી સત્સંગ સભા

તા. ૧૮-૧૦-૧૫ રવિવારના મણીપુર (કડી) ગામે છઠ્ઠી સભા ધામધૂમથી થઈ હતી. જેમાં ગામ અને આજુબાજુના ગામના ૮૦૦ ભક્તો કથાવાર્તામાં જોડાયા હતા. સંતોમાં સ.ગુ.શા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) અને કૂંજવિહારી સ્વામીએ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારીશ્રી)

#### સાતમી સત્સંગ સભા

તા. ૧૮-૧૦-૧૫ રવિવાર કલા ભગતના કૂંડાળ (કડી) ગામે સાતમી સત્સંગ સભા થઈ હતી. જેમાં ઘણી મોટી સંખ્યામાં ભક્તોએ કથાવાર્તાનો લાભ લીધો હતો. જેમાં અમદાવાદથી સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી,

સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ), સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર), શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), સ.ગુ.શા.સ્વા. નારાયણમુનિદાસજી આદિ સંતોએ કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા.

(કોઠારીશ્રી)

**આઠમી સત્સંગ સભા**

ખેરોલ (તલોદ) ગામે તા. ૨૯-૧૦-૧૫ ને ગુરુવાર ના રોજ આઠમી સત્સંગ સભામાં કથાવાર્તા અને કીર્તન ભક્તિ સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને બ્ર. કૂંજવિહારી સ્વામીએ કરી હતી. જેમાં ખેરોલ, વક્તાપુર અને માધવગઢના ગામોના હરિભક્તોએ શ્રી ઘનશ્યામ મહોત્સવમાં મંત્રલેખન અને જનમંગલ નામાવલિ પાઠના નિયમ લીધા હતા. હરિભક્તોએ સંતો દ્વારા સુંદર લાભ પ્રાપ્ત કર્યો હતો.

(કોઠારીશ્રી, ખેરોલ)

**નવમી સત્સંગ સભા**

માધવગઢ (તલોદ) ખાતે નવમી સત્સંગ સભા તા. ૬-૧૧-૧૫ ના રોજ યોજવામાં આવી હતી. સંતોમાં શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનાગર), શા.કૂંજવિહારીદાસજી એ ૫૦૦ જેટલા હરિભક્તોને જનમંગલ નામાવલિ-પાઠ ૧-૧, અને ૫૦૦ જનમંગલ નામાવલિ સાથે સંતોએ શ્રી નરનારાયણદેવનો મહિમા સાથે માહાત્મ્ય અને સંપ્રદાયની સુંદર વાતો કરી હતી. ગામના અને આજુબાજુના ગામના ઘણા હરિભક્તોએ લાભ લઈ ધન્ય બન્યા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) શરદોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક્ટર-૨ માં તા. ૨૫-૧૦-૧૫ ના રોજ ભવ્ય શરદોત્સવ ઉજવાયો.

આ પ્રસંગના યજમાન પ.ભ. વિષ્ણુભાઈ ગોવિંદભાઈ ચૌધરી (ઘુંઘટ હોટલવાળા) એ સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગે કાલુપુર, નારણઘાટ આદિ મંદિરોના ૨૫ જેટલા સંતો પધાર્યા હતા. ખાસ બહેનોને આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. શરદોત્સવમાં રાસ-ગરબાની રમઝટ બાદ હજારો ભક્તોએ દુધ પૌંવાનો પ્રસાદ લીધો હતો. અત્રે વડીલ ભક્તોની સવલત માટે નૂતન શ્રી ઘનશ્યામ લીફટને પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને અત્રેના પૂ. મહંત શા. પી.પી. સ્વામીના હસ્તે ખુલ્લી મૂકાઈ હતી. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨) આયોજીત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીગનર (સે-૨) ના સંતો ભક્તો દ્વારા તા. ૧૮-૧૦-૧૫ ને રવિવારના રોજ સુંદર મહાપૂજા સંપન્ન થઈ હતી.

સ્થાનિક ભક્તોમાં નાના માં નાની સેવા આપનાર ભક્તોને મહાપૂજા એવમ્ શ્રી નરનારાયણદેવના અભિષેકનો લાભ મળે એ હેતુથી મહંત સ્વામી પી.પી. સ્વામી તથા અન્ય સંતોએ પ્રેરણા કરી સુંદર આયોજન કર્યું હતું.

આ પ્રસંગમાં ૨૦૦ જેટલા ભક્તોએ મહાપૂજા, દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે મહાપૂજાની પૂર્ણાહુતિ થઈ હતી અને સૌને રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ. હસમુખભાઈ, પ.ભ. બિપીનભાઈ અને પ.ભ. ઘનશ્યામભાઈ રહ્યાં હતાં.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૭-૯-૧૫ થી તા. ૧૧-૯-૧૫ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પારાયણ અત્રેના મહંત સ્વામી ચંદ્રપ્રકાશદાસજીના વક્તાપદે પવિત્ર ગંગા નદીના કિનારે શુકતીર્થમાં શ્રી શુકદેવ આશ્રમ ખાતે સૌ પ્રથમવાર પટેલ રમેશભાઈ છગનભાઈ અને પટેલ મગનભાઈ મોહનભાઈ (બીલીયા)ના યજમાન પદે સંપન્ન થઈ. કથા દરમ્યાન જનમંગલ પાઠ ને પૂર્ણાહુતિ પ્રસંગે (શ્રાવણ અમાસ) સુંદર યજ્ઞ આશ્રમના પંડિતો દ્વારા કરવામાં આવેલ. આશ્રમના સંચાલક પૂ. ઓમાનંદ સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ઘણા ભક્તોએ લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી સિધ્ધપુર)

**શ્રીજી પ્રસાદીભૂત દુમાલી ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન વન વિચરણ કરતા કરતા કાણોતર પધારેલા ને ત્યાંથી વાઘેલા દરબાર ભક્તોના આમંત્રણથી દુમાલી ગામે પધારી ત્યાંના ભક્તોની સેવા ભક્તિથી રાજી થઈ પોતાના હાથમાં રહેલી પ્રસાદીની સોટી આપેલી. એવા મહા પ્રસાદીભૂત ગામમાં આજથી લગભગ ૧૬૦ વર્ષો પહેલાં સુંદર હરિ મંદિરનું નિર્માણ થયું હતું. આ મંદિર જીર્ણ થતા ગામના ભક્તોના સાથ સહકાર તથા કાલુપુર મંદિરના સહયોગથી જરૂરી સમારકામ કરી સુંદર રંગરોગાન થયું. આ નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૧-૧૧-૧૫ ના રોજ સંત મડળ સાથે સૌ પ્રથમવાર આ ગામમાં પધાર્યા. ગામના ભક્તોના ઘર પાવન કર્યા. દરબારી ભક્તોએ રજવાડી પરંપરાથી ભવ્ય સ્વાગત સામૈયું કર્યું. ત્યારબાદ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સર્વે ભક્તોનો સત્સંગ-ભક્તિ વૃધ્ધિ પામે અને મંદિરની સાથો સાથ આપણા મન મંદિરનો પણ જીર્ણોધ્ધાર થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા.

સંતોમાં પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) અને શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર મહંતશ્રી) એ પણ આશીર્વાદ આપ્યા હતા.

(શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી નારણઘાટ)

### પડુસ્મા ગામે રાત્રીય ભાગવત સપ્તાહ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) તથા સ.ગુ.શા.સ્વા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) ના માર્ગદર્શનથી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજના પડુસ્મા ગામે નૂતન વર્ષના મંગલ દિવસોમાં તા. ૧૨-૧૧-૧૫ થી તા. ૧૮-૧૧-૧૫ પર્યન્ત સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે રાત્રીય ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સમગ્ર પાટીદાર ભક્તોએ સાથે મળી તન, મન અને ધનના સહયોગથી સમગ્ર પ્રસંગને દિપાવ્યો હતો.

તા. ૧૩-૧૧-૧૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધારી ગ્રામજનોને ખૂબખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ગામમાં સૌ પ્રથમ વખત થયેલી પધરામણીથી સૌ ભક્તો ધન્ય ધન્ય થયા હતા. કથાની પૂર્ણાહુતિ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના વરદ્ હસ્તે થઈ હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, ગાંધીનગર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મારૂતિયજ્ઞ

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા આનંદ સ્વામીની પ્રેરણાથી કાળી ચૌદશના રોજ મારૂતિયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રીફળ હોમી મારુતિ યજ્ઞની પૂર્ણાહુતિ કરીને શ્રી હનુમાનજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંતોએ શ્રી હનુમાનજી મહારાજની પતિવ્રતા ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ આપીને મહિમા સમજાવ્યો હતો.

રાત્રે ૯ થી ૧૨ શ્રી હનુમાન ચાલીસા પાઠ - આરતી બાદ સૌને પ્રસાદ આપવામાં આવેલ.

**નૂતન વર્ષ :** અત્રે નિજ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ તથા બાલસ્વરૂપ કષ્ટભંજનદેવને નૂતન વર્ષના છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ઓચ્છવ મંડળે નંદ સંતો રચિત કીર્તનના પદો ગાયા હતા. હજારો ભક્તોએ દર્શનનું સુખ માણી સાંજે અન્નકૂટ પ્રસાદ લીધો હતો.

